આત્માનંદ ગ્રંથમાળા [illegible] ૧૧.

શ્રી શત્રુંજય તીર્થાદિ

સ્તવન સંગ્રહ

પ્રગટ કર્તા.

શા. [illegible]

ઠે. [illegible] નગર.

ભાવનગર.

આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રન્થમાળા ૧૬

॥ શ્રી ભ્રાતૃચન્દ્રસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

શ્રી શત્રુંજય તીર્થાદિ સ્તવન સંગ્રહ.

પ્રેરક,
મુનિમહારાજશ્રી જગતચંદ્રજી

સંગ્રાહક,
મુનિમહારાજશ્રી સાગરચંદ્રજી

પ્રકાશક,
શા. ગોકળદાસ મંગળદાસ.
લુહારની પોળ—અમદાવાદ.

સન ૧૯૨૩ પ્રત ૫૦૦. વિ. સં. ૧૯૮૦.

અમૂલ્ય.

શ્રી "વીરશાસન" પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. કેશવલાલ દલસુખભાઇએ છાપ્યું.
કાળુપુર ટંકશાળ—અમદાવાદ.

સરસ્વતી-સ્તુતિ.

(અનુષ્ટુપ્ છંદ)

શ્વેતપદ્માસના દેવી, શ્વેતપદ્મોપશોભિતા,
શ્વેતામ્બરધરા દેવી, શ્વેતગન્ધાનુલેપના. ૧
આર્ચિતા મુનિભિઃસર્વૈ-ર્ઋષિભિઃસ્તૂયતે સદા
એવં ધ્યાત્વા સદા દેવીં,વાંછિતં લભતે નરઃ



બે બોલ.

પ્રિય પાઠક ગણુ!

વિ. સં. ૧૯૭૮ ની સાલમાં તીર્થરાજશ્રી સિદ્ધાચલજીની યાત્રા નિમિત્તે જવું થયેલ અને તે વખતે ત્યાં નવાણું યાત્રા નિમિત્તે બિકાનેર નિવાસી શ્રી જૈન ધર્મ પ્રભાવક ધર્માત્મા સુશ્રાવક શેઠ ઉદયચંદ્રજી રામપુરીઆ આવેલ હતા, તેમની વિનંતિથી આ સ્તવન સમુદાયને એકઠા કરવાની શુભતક પ્રથમ મને ત્યાં મલી હતી, અને તેજ સાલમાં પૂર્વોક્ત શેઠજી તરફથી શાસ્રીમાં તે સ્તવન સમુદાય પ્રગટ થયેલ હતા, પરંતુ ગુજરાત તથા કચ્છ દેશનિવાસી કેટલાક ભાઇઓ તથા બ્હેનોને વાંચવામાં અગવડતાને લઇને મુનિ મહારાજશ્રી જગતચંદ્રજીની પ્રેરણા થઈ કે ગુજરાતી જાણનારાઓને ગુજરાતી લિપીમાં પુસ્તક હોય તો

તેઓને વધારે અનુકુલ થાય તેથી તેજ સ્તવન સમુદાયને સહેજ વધારા સાથે ગુજરાતી ટાઇપમાં છપાવવા માટે કોચીનબંદર નિવાસી સુશ્રાવક શેઠ પોપટલાલભાઈ મુલજી તથા (કચ્છ) નાના ભાડીઆ નિવાસી શા. અરજણ રાજીના સુપુત્રો કેશવજી અરજણ તથા આણંદ અરજણ એ બન્ને ભાઇઓને આર્થિક સાહાયતાની સુચના કરવાથી અને તેઓએ પ્રેમ પુર્વક સ્વીકારેલ હોવાથી આ પુસ્તક પ્રકટ થયેલ છે, આ પુસ્તકને સુધારતા છતાં અશુદ્ધિઓ રહેલ છે તેની શુદ્ધિ પત્રિકા કરેલ છે તેમાંથી જોઈ સુધારી વાંચવા વાચક સજ્જનોને ભલામણ કરવામાં આવે છે.

આશ્વિન શુદિ ૧૦
૧૯૭૯
કચ્છ નાનાભાડીઆ

લે. મુનિ સાગરચંદ્ર.

૫

શ્રી સૂરીશ્વર—સ્તવન

(હરિગીત છંદ.)

શ્રી પાર્શ્વચંદ્ર સૂરીંદ નાગપુરીંદ તપગણ નભમણી, તસપટ પરંપર ગણ ધુરંધર હેમચંદ્રસૂરિ ગુણી; નિર્ગ્રંથ ગુરૂ તસ પાટ રાજે આજ ગાજે મુનિવરા, ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા ॥ ૧ ॥ છે શાંત દાંત મહંત કિરિયાપાત્ર સમતા સાગરૂ, પંડિત પ્રવર વિદ્વાન બુદ્ધિનિધાન વિદ્યાઆગરૂ; અઘઓઘવારક મહાપ્રભાવક ધર્મધોરી ધુરંધરા, ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા ॥ ૨ ॥ છે ભવ્ય આકૃત ધર્મ મૂર્તિ પ્રભુ તુલ્ય મનોવૃત્તી, તપ તેજ દીપે કદિ ન છીપે ભાગ્ય-

ની ચઢતી રતી, વળિ શરદશશિસમ સૌ-
મ્ય કાંતિ શાંતિવાન શુભંકરા, ભવિ ભાક્ત
ભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા
॥ ૩ ॥ ગુરૂ ગચ્છનાયક જ્ઞાનદાયક સંઘમાં
લાયક મુદા, ગતરાગ રોષ ન દોષ જરિએ
તોષ સુખ દુઃખમાં સદા, છત્રીસ ગુણગણુ
યુક્ત સૂરીશ્વર ચરણુ ગુણુથી અલંકર્યા, ભ-
વિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર
સૂરીશ્વરા ॥ ૪ ॥ જિનભાણુ અસ્ત થતાં
સૂરીશ્વર જ્ઞાનદીપ પ્રકાશતા; મિથ્યાંધકાર
વિકાર ટાળી ભવિકજન પ્રતિબોધતા; શુભ
છંદ સાંકળચંદ કહે પાવન કરી ભારતધરા
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર
સૂરીશ્વરા ॥ ૫ ॥

પ્રાતર્મંગલિક સ્મરણ.

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમ: પ્રભુ: ॥ મંગલં સ્થૂલભદ્રાદ્યા, જૈન ધર્મોડ-સ્તુ મંગલં ॥ ૧ ॥ સર્વારિષ્ટપ્રણાશાય, સર્વાભિષ્ટાર્થદાયિને ॥ સર્વલબ્ધિ નિધાનાય ગૌતમસ્વામિને નમ: ॥ ૨ ॥ અંગુઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર ॥ જો ગુરૂ ગૌતમ સમરિયે, મનવંચ્છિત દાતાર ॥ ૩ ॥ ગામ-તણે પઇસારડે, ગુરૂગાતમ સમરંત્ત ॥ ઇછા-ભોજન ઘર કુશળ, લચ્છીલીલ કરંત ॥૪॥ પુંડરીક ગૌતમપમુહ, ગણધર ગુણસંપન્ન ॥ પ્રહ ઉઠી નિત પ્રણમિયે, ચઉદહસય બાવન્ન ॥ ૫ ॥ સુરગોતરુમણી સંપજે, જેહને લીધે નામ ॥ એહિજ અક્ષર સમરતાં, સીજે વંછિત કામ ॥ ૬ ॥

શ્રીસદ્‌ગુરૂસ્તુતિ.

(માલિની છંદ.)

ઉદયશિખરિચંદ્રાઃ સદ્વચોંડભોધિચંદ્રાઃ
સુકૃતકુમુદચંદ્રા ધ્વાંતવિધ્વંસચંદ્રાઃ
કુમતનાલનચંદ્રાઃ કીર્તિવિખ્યાતચંદ્રાઃ
પ્રમદજનનચંદ્રાઃ શ્રેયસે પાર્શ્વચંદ્રાઃ ૧
શ્રેયશે ભ્રાતૃચંદ્રાઃ

શ્રી પ્રભુ પ્રાર્થના.

(શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્)

પૂર્ણાનંદમયં મહોદયમયં કૈવલ્યચિદ્દઙ્-
મયં, રૂપાતીતમયં, સ્વરૂપરમણં, સ્વાભા-
વિકીશ્રીમયમ; જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં
સ્યાદ્વાદવિદ્યાલયં, શ્રીસિદ્ધાચલતીર્થરાજમ-
નિશં વંદેઽહમાદીશ્વરમ. ૧

(વસન્તતિલકાવૃત્ત.)

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમ: ક્ષિતિતલામલ ભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિજગત: પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય. ૧

(શાર્દૂલવિક્રીડિતવૃત્ત.)

નિત્યાનંદપદપ્રયાણસરણી શ્રેયોડવનિ-
સારિણી, સંસારાર્ણવતારણૈકતરણી વિધ-
દ્ધિંવિસ્તારિણી; પુણ્યાંકુરભરપ્રરોહધરણી
વ્યામોહસંહારિણી, પ્રીત્યૈ કસ્ય ન તેડખિ-
લાર્તિહરણી મૂર્તિર્મનોહારિણી. ૧

ચૈત્યવંદન, વિધિસહિત.

અથ ખમાસમણ.

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિ-
જ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

એ ત્રણવાર ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ
સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં જી.

શ્રીશત્રુંજય તલેટિ ચૈત્યવંદન.

જય જય શ્રી ગિરિરાજ, આજ નયણે
મેં દેખ્યા; તલહટી ભેટત પાપ, પંક દૂરે મેં

એખ્યા. ૧ શાશ્વત એ સિદ્ધરાજ, સિદ્ધાચલ શત્રુંજય ગિરિવર; વિમલાચલ નિત્ય નામ, જપું સિદ્ધાચલ સુખકર. ૨ શ્રી પુંડરીક ગિરિવર નમુંએ, ભાવ ધરિ નિત્ય મેવ; ભવ સાગરસેં તારજો, સહજ રાજેશ્વર દેવ.૩

અથ જંકિંચિ.

જં કિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ તિરિયલોયમ્મિ જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઇં વંદામિ. ૧

અથ નમુત્થુણં વા શક્રસ્તવ.

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥ આઇગરાણં,તિત્થયરાણં સયંસંબુદ્ધાણં ॥૨॥ પુરિસુત્તમાણં, પુરિસસિહાણં, પુરિસવરપુ- ડરિઆણં પુરિસવર ગંધહત્થિણં ॥ ૩ ॥

લોગુત્તમાણં, લોગનાહાણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં ॥ ૪ ॥ અભયદયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, જીવદયાણં, બોહિદયાણં ॥ ૫ ॥ ધમ્મદયાણં ધમ્મદેસિઆણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ॥ ૬ ॥ દીવોત્તાણં, સરણગઇપઈટ્ઠા, અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિઅટ્ટછઉમાણં ॥ ૭ ॥ જિણાણંજાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોયગાણં ॥ ૮ ॥ સવ્વન્નુણં સવ્વદરિસીણં,સિવ મયલ મરૂઅ મણંત મખ્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જીણાણં જીઅભયાણં. ॥ ૯ ॥ જેઅ અઈઆ સિદ્ધા જેઅ ભવિસ્સંતિણાગએ કાલે, સંપઈઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ.

અથ જાવંતિ ચેઇઆઇં.

જાવંતિ ચેઇઆઇં, ઉઢ્ઢે અ અહે અ તિરિ-અલોએઅ; સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં ॥ ૧ ॥

અથ જાવંત કેવિ સાહૂ.

જાવંત કેવિ સાહૂ, ભરહેરવય મહાવિ-દેહે અ, સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૨॥

સર્વ અનંતા સિદ્ધને મારો નમસ્કાર હોજો.

પછી એ ખમાસમણ પૂર્વક સ્તવનં સંદિ-સાએમિ, સ્તવનં ભણેમિ નવકાર કહિ સ્તવન કહેવું.

શ્રી સિદ્ધાચલજિન—સ્તવન.

કંચનગિરી દરિસન આજ મેં પાયો,મુજ આતમ ગુણ ઉલસાયો કંચન૦ (એઆંકણી) તીરથ નાયક નાભિકો નંદન, મરૂદેવા માતા કો જાયો; યુગલા ધરમ નિવારક જિનપતિ, પુરવ નવાણુ આયો, કંચન૦ ॥ ૧ ॥ કાલ અનંતે ઇણ ગિરિ ઉપર, અનંતમુનિ સમુદાયો; તપ જપ ખપ કરી સંયમ આદરી, મોક્ષનગર પહુચાયો, કંચન૦ ॥ ૨ ॥ શાસનપતિ શ્રીવીર જિનેશ્વર, શાશ્વતો તીરથ બતાયો; ત્રિકરણ શુદ્ધકર જે ભવિ સેવે, દોહગ દુર ગમાયો, કંચન૦ ॥ ૩ ॥ તીન ભુવનમેં એ તીરથ મોટો, ત્રિભુવન જન મન ધ્યાયો; દશ દિગમેં ગિરી એસો ન દૂજો, તીરથ રાજ સવાયો, કંચન૦ ॥૪॥ પુણ્ય દશા અબ મેરા જાગી, મિથ્યા તિમિર મીટાયો, ગિરિવર દેખત આનંદ ઉપનો, હર્ષ સૂરીંદ્ર ગુણ ગાયો. કંચન૦ ॥ ૫ ॥

અથ જયવીયરાય.

જય વીયરાય જગગુરૂ, હોઉ મમ તુહ પ્પભાવઓ; ભયવં ભવનિવ્વેઓ, મગ્ગાણુસારિઆ ઇઠ્ઠફલસિદ્ધી ॥ ૧ ॥ લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ પરત્થકરણં ચ; સુહગુરૂજોગો તવ્વયણસેવણા આભવમખંડા ॥૨॥ વારિજ્જઈ જઇવિ નિઆણ બંધણં વીયરાય તુહ સમએ; તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥ ૩ ॥ દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ સમાહિ મરણં ચ બોહિલાભો ચ; સંપજ્જઓ મહ એઅં, તુહ નાહ પણામ કરણેણં ॥ ૪ ॥ સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણં; પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥ ૫ ॥

અથ સવ્વલોએ અરિહંતચેઈઆણં.

સવ્વલોએ અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસગ્ગં ॥ ૧ ॥ વંદણવત્તિઆએ, પુઅણવ-

ત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિ-આએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગ-વત્તિઆએ ॥ ૨ ॥ સદ્ધાએ, મેહાએ; ધીઈએ ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસગ્ગં ॥ ૩ ॥

અથ અન્નત્થ ઉસસિએણં.

અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં, ખા-સિએણં છીએણં, જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલિએ, પિત્તમુચ્છાએ ॥૧॥ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ॥૨॥ એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિ-રાહિઓ હુજ્જ મે કાઉસગ્ગો ॥ ૩ ॥ જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ॥ ૪ ॥ તાવકાયં, ઠાણેણં, મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥ ૬ ॥

પછી ચાર નવકાર અથવા એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

શ્રી ગિરિરાજ સ્તુતિ.

અનંતા મુનિવર, ઇણ ગિરીવર પર સિદ્ધ, વિમલાચલ જપતાં, વિમલ જ્ઞાનને લિદ્ધ; શત્રુંજય ગિરિવર, સિદ્ધાચલ સિદ્ધ ઠામ, સિદ્ધરાજ ગિરિને, નિત્ય પ્રતિ કરૂં હું પ્રણામ ॥ ૧ ॥

શ્રી સિદ્ધાચલ ચૈત્યવંદન.

શ્રીસિદ્ધાચલ મંડણો, આદિજિનેશ્વરરાય, અવિચલ સુખદાયક પ્રભુ, પ્રણમું મન વચ કાય. ૧ શુદ્ધ ભાવથી સેવના, પ્રભુ ચરણોની થાય; પારસમણીના સ્પર્શથી, ચેતન કનક હો જાય. ૨ વિમલાચલને વંદતાં, વિમલમતિ પ્રગટાય; વિમલાચલ ગુણ આતમા, વિમલાચલ ગુણ ગાય. ૩ એ ગિરિરાજને સેવતાં, પાંડવને શુકરાય; થાવચ્ચા શેલગમુનિ, શાશ્વત સ્થાન સિધાય ૪ અપૂર્વભાવ જયાં ઉલ્લસ્યો, શુદ્ધિ વૃદ્ધિ આદાય;

ગ્રંથી ભેદ થયો તદા, આતમ અતિ ઉલ-
સાય, ૫ સમ્યગ્ દર્શન પામતાં, ભવ ભા-
વઠ દૂર જાય; પરમાનંદ પ્રગટે તદા, સાગ-
રમાં ન સમાય ૬.

શ્રી આદિજિન પાદુકા ચૈત્યવંદન.

જયજય જગદાનંદ !, આદ્યજિનેશ્વર
સ્વામિ; સુકૃત ફલિયા આજ, રાજ તુમ
દરિસન પામી ૧ ઉર આનંદ ન માય, રોમ
વિકસાય ચિત્ત હરખાય; તરૂવર રાયણ રૂખ
તલે, વંદત પ્રભુ પાય ૨ જિનવર ચરણ શરણ
ગ્રહો, તારક દીન દયાલ; ભવસાગરસેં પાર
કર, સહજ રાજેશ ! કૃપાલ. ૩ ઇતિ.

શ્રી પુંડરીક ગણધર ચૈત્યવંદન.

ચિદાનંદ આનંદ કંદ, ગણધર ગુણધામા;
નિરખત નયનાનંદ, અમંદ જિન પુંડરીક
સ્વામી ૧ મનહર મૂરતી સુંદર સુરતી,

ધ્યાવત ધ્યાન લગાઈ; ઉલટે ભાવ અપૂરવ, દુર્ગતિ દુખ દૂર પલાઈ ૨ શુદ્ધ પ્રણિધાને સેવતાં, સહુજ કલાનિધિ ભાણ; ભવસાગર ઉતારકે, આપે અવિચલ ઠાણ. ૩

શ્રી પુંડરીકજિન ચૈત્યવંદન.

પ્રણમું પ્રેમે પ્રથમ પ્રભુ, નમું પુંડરીક ગણધાર; મૂરતી જેહની સુધામયી, સેવક જન સુખકાર; ૧ સિદ્ધાચલગિરિ ઉપરે, શુભ કરી મન વચ કાય; શ્રી પુંડરીક જિન પ્રણમતાં, દુઃખ દોહગ મીટ જાય ॥ ૨ ॥ પંચ કોડી મુનિવર સહિત, ચૈત્રી પુનમ દિવસે; અણુસણ કરી મુગતિ ગયા, દરિસણે ચિત્ત ઉલસે ॥ ૩ ॥ પુંડરીક ગિરિવર તણો, મહિમા અતિ અભિરામ; મહિતલે વિસ્તર્યો જેહનો, તે પ્રણમું સુખધામ ॥ ૪ ॥ આજ શુભોદય માહરો, પ્રગટ્યા પુન્ય અંકૂર, સહજ રાજેશ્વર ભેટતાં, ગુણ સાગર ભરપૂર. ૫

શ્રી જિનેંદ્ર ચૈત્યવંદન.

જય જય તું જિનરાજ આજ, મલિયો મુજ સ્વામી; અવિનાશી અકલંક રૂપ, જગ જન વિશરામી; ૧ જ્ઞાન ચતુષ્ટયીવંત તું, મુજ અંતરજામી; ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી ૨ સિદ્ધ બુદ્ધને વંદતાં, સકલ સિદ્ધિ વર બુદ્ધિ; ચેતન પ્રભુ ધ્યાને રમે, પામે નિજગુણ ઋદ્ધિ ૩ કાલ અનંતા ભવ ભમી, પામી નરભવ સાર; જગ તારક પ્રભુ તું મીલ્યો, કર ભવ સાગર પાર. ૪

૨

ત્રિજગ નાયક તું ધણી, મહા મોટો મહારાજ; મોટે પુન્યે પામીયો, તુમ દરિસણ હું આજ ૧ આજ મનોરથ સવિ ફળ્યા, પ્રગટ્યા પુન્ય કલોલ; પાપ કર્મ દૂરે ટળ્યા, નાઠા દુઃખ દંદોલ ૨ સુખદાઈ પ્રભુ તું વડો, તુમ સમ અવર ન કોય; કમ મેળ દૂરે કર્યા,

પામ્યા શિવપદ સોય ૩ કલ્પવૃક્ષ ને કામ-
કુંભ, પૂરે મનના કોડ; પ્રભુ સેવાથી તે
મિલે, જો મનસા હોય અડોલ ૪ પ્રભુ સેવા
ભાવે કરે, પ્રેમ ધરી મનરંગ; દુઃખ દોહગ
દૂરે ટલે, પામે સુખ મનચંગ. ૫

શ્રી શાંતિનાથ ચૈત્યવંદન.

જય જય શાંતિજિણંદદેવ, હથિણા પુર
સ્વામી; વિશ્વસેન કુલ ચંદ સમ, પ્રભુ અં-
તરજામી ૧ અચિરા ઉર સર હંસવર, જિન-
વર જયકારી; મારી રોગ નિવારીને, કીર્તિ
વિસ્તારી ૨ સોલમા જિનવર સેવિયેએ,
સેવત સુખ દાતાર; કરૂણાનિધિ કરૂણા કરી,
હર સાગર સંસાર ૩

૨

અજ અવિનાશી આસ ઈશ, અકલંક
અરૂપી, સિદ્ધ બુદ્ધ ભગવંત તું, અનંત-
જ્ઞાન સ્વરૂપી ૧ તુજ સ્વરૂપ મુજ મન વિષે,

ધ્યાવું અહનિશ દેવ; ચંચલ ચિત્ત થીર નવિ રહે, અનાદિ કર્મની ટેવ ૨ શાંતિ જિનેશ્વર સાહિબાએ, વિનતિ એ અવધાર; વારંવાર વંદન કરૂં, કર ભવ સાગર પાર. ૩

શ્રી આદિનાથજિન સ્તુતિ.

પાંચસે ધનુષની નિરમલ દીપે, કંચન કરણી કાયાજી, સાધુ સાધ્વી સંઘ પરિવારે, અષ્ટાપદ ગિરિ આયાજી; લાખ ચોરાશી પૂરવ આયુ, પાલી શિવપદ પાયાજી, અનંત જ્યોતિ સ્વરૂપમેં જઈ, જ્યોતિમેં જ્યોત મીલાયાજી ॥ ૧ ॥

૨

રિસહ જિનવર રિસહ જિનવર જનની મરૂદેવી, નાભિરાય કુલ •કમલવર વિમલ સોહ પડિબોહ દિણયર; જગજીવન જગતિલો જગનાહ જગ જીવ જયકર, જોગીશ્વર

જગ જાસુ જસ ઝગમગ જગે અપાર, પ્રથમ
તીર્થંકર મુજ શરણુ કર પ્રભુ સેવક સાર. ૧

શ્રીઋષભજિન સ્તુતિ.

ગુનહુ ગંભીર, અચલ જિમ ધીર, કર્મ રિપુવીર, ભવજલ તારી । વસી ગૃહવાસ તજી ઉદાસ, ભજી વન વાસ, ભએ અનગારી; મનમથ માન, મોરી કર ધ્યાન, પાય શુભજ્ઞાન, બહુત સુખકારી । સમર અરિહંત, ભજીત ભગવંત, મુક્તિવર કંત, વૃષભપદધારી ॥ ૧ ॥

શ્રીપુંડરીકજિન સ્તુતિ.

ગણધરવર પુંડરીક, પ્રણમું મન વચ કાય પુરૂષોત્તમ પુંડરીક, કમલ પરે નિર્માય; ઇણ ગિરિવર ઉપર, મુક્તિ ગયા સુખદાય, શુદ્ધ ભાવ સહિત હું, વંદુ તેહના પાય ॥ ૧ ॥

શ્રી શાંતિનાથજિન સ્તુતિ.

સંતિ જિણંદા ચઇઊણ રજ્જં, પવજ્જ માદાય ખવિત્તુ કમ્મં; નાણી ભવિત્તા ઉવ એસમાહ, અસંખયં જીવિય મા પમાયએ ॥૧

૨

સકલ સ્વામી સકલ સ્વામી સંતિ જિણ-રાય, કમલ નયણ કર ચરણ વર આપ તરણ પર જીવ તારણ; દુઃખ હરણ સુખ કરણ સવિ મોહ સુહડ દલ હેલિ વારણ, પાય પસાયે તુમ તણે, મેં લાધી જિન આણ, સંતિકરણ તુહ દંસણે, હોજો નિતુ સુવિહાણ.૨

શ્રીચતુર્વિંશતિજિન સ્તુતિ.

(હરિગીત.)

અષ્ટાપદે શ્રીઆદિજિનવર, વીર પાવા પુરી વરૂં, વાસુપૂજ્ય ચંપાનયની સિદ્ધા, નેમ રૈવત ગિરિ વરૂં; સમેત શિખરે વીશ

જિનવર, મુક્તિ પોહોતા મુનિવરૂં, ચોવીશ જિનવર નિત્ય વંદુ સમર સંઘે સુખકરૂ ॥૧॥

શ્રીવિમલાચલજિન સ્તવન.

(રાગ કહેરબો.)

વિમલાચલગિરિ ભેટો મેરે ભાઇ, વિમલા૦ ઇણ ગિરિવર પર પૂરવ નવાણું, સમવસર્યા પ્રભુજી સુખદાઈ, વિમલા૦ ૧ શાશ્વતો તીરથ મહિમાવંતો, ફરસત ભવ ભવ પાપ ગમાઈ; વિમલા૦ ૨ તીનભુવન જસ સેવા સારે, જય જય શબ્દ પ્રભુ ગુણ ગાઈ, વિમલા૦ ૩ પર્વ દિવસ ઇંદ્રાદિક મીલકે, કરત મહોચ્છવ આનંદ પાઈ, વિમલા૦ ૪ રથયાત્રાદિક ઓચ્છવ કરકે, સુર અવતાર સફલ કરવાઈ, વિમલા૦ ૫ તીરથ સેવા શિવસુખ લેવા, કરિએ ત્રિકરણ શુદ્ધ હુલસાઈ, વિમલા૦ ૬ હરખસૂરીંદ્ર તીરથ સેવતાં, લાલ અમર પ્રભુ તેજસવાઈ વિમલા૦ ॥૭॥

શ્રીશત્રુંજય સ્તવન.

(સિદ્ધચક્ર પદ વંદોરે ભવિકા-એ રાગ.)

સફલ એહ અવતાર માહારો, ઈણ સં· સાર અસાર; નરભવ લહી હરખે મન વાસ્યો, દેવ ગુરૂ ધર્મવિચાર, ભાવસું. ॥ ૧ ॥ જતન વિમલગિરિ ચડસ્યું, શુધે ધ્યાન રતન મન જડસ્યું; શ્રીરિસહ તણા ગુણ ગ્રહીસ્યું, એ તો મન વંછિતફલ લહિસ્યું. ભાવસું, જતન૦ ॥ ૨ ॥ કરત વિચાર શ્રવણે સાંભલીયો, શ્રીશત્રુંજે તીરથ સાર; ઇણગિરિ સિદ્ધિ અનંતા પહુતા, ટાલી-ભવ અવતાર. ભાવસું, જતન૦ ॥ ૩ ॥ સહસ સહસ મુનિવર પરવરિયા, થાવચ્ચા શુક સિદ્ધા; પંચસયાસું સેલગ મુનિપતિ, શિવનગરી પદ લીધા. ભાવસું, જતન૦ ॥ ૪ ॥ પાંડવપંચય જાલિ મયાલિ, પ્રમુખ યાદવ રિદ્ધિ છંડી;તપ જપ કર્મ ખપીને ઇણગિરિ, પ્રીતિ મુગતિસું મંડી. ભાવસું, જતન૦ ॥ ૫ ॥ અંગુલ

અંગુલ સિદ્ધ અનંતા, સૂત્ર વચન સદ્દહિયે; જેહનું નામ વિશેષ ન લહિયે, તે તીરથ કેમ કહિયે. ભાવસું, જતન૦ ॥ ૬ ॥ ઉત્તમ પુરૂષ ઇણાગરિ વાસો, તિણે એ તીરથ ભણીયે; તસુ દંસણ જે ભાવે પામે, સફલ જનમ તસુ ગણીયે. ભાવસું, જતન૦ ॥૭॥ તિણે કારણ મુજ મન ઉમાહ્યો, શ્રીશત્રુંજે યાત્રા કાજ; મોર તણી પરે હુઓ હરખિત, સાંભલી જલધર ગાજ. ભાવસું, જતન૦ ॥ ૮ ॥ નરભવ પામી છહ રી પાલત, વિધિસું યાત્રા કરીએ; પ્રવહણ પુરી જેમ વ્યાપારી, હેલે ભવજલ તરિયેં. ભાવસું, જતન૦ ॥ ૯ ॥ [1]બ્રહ્મચારી ને [2]ભૂમિસંથારી, લહિએ [3]એકલ આહારી; [4]પદચારીને [5]સચિત્તપરિહારી, શુદ્ધા [6]સમકિતધારી. ભાવસું, જતન૦ ॥ ૧૦ ॥ ધન્ય વરષ ધન્ય માસ એ પક્ષ, ધન્ય દિવસ ધન્ય યામ; ધન્ય ઘડી ધન્ય ધન્ય એ વેલા, જીણ પ્રભુ કરૂં પ્રણામ. ભાવસું, જતન૦ ॥ ૧૧ ॥ વિન-

વીયં શ્રીશત્રુંજા સ્વામી, વલી વલી દંસણ દેજો; કરજોડી પાર્શ્વચંદ્રસૂરિ બોલે, વિનતી સફલ કરેજો. ભાવસું, જતન૦ ॥ ૧૨ ॥

શ્રીઋષભજિન સ્તવન.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત; રીઝયો સાહિબ સંગ ન પરિહરેરે, ભાંગે સાદિ અનંત. ઋષભ૦ ॥ ૧ ॥ પ્રીત સગાઈ રે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઈ ન કોય; પ્રીત સગાઈ રે નિરૂ પાધિક કહીરે, સોપાધિક ધન ખોય, ઋષભ૦ ॥ ૨ ॥ કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરેરે, મિલશું કંતને ધાય; એ મેલો નવિ કહીએ સંભવેરે, મેલો ઠામ ન ઠાય. ઋષભ૦ ॥ ૩ ॥ કોઈ પતિરંજન અતિ ઘણો તપ કરેરે, પતિરંજન તન તાપ; એ પતિ રંજન મેં નવિ ચિત્ત ધર્યુંરે, રંજન ધાતુ મેલાપ. ઋષભ૦ ॥ ૪ ॥ કોઈ કહે લીલારે અલખ

અલખ તણીરે, લખ પૂરે મન આશ; દોષ રહિતને લીલા નવિ ઘટેરે, લીલા દોષ વિ-લાસ. ઋષભ૦ ॥ ૫ ॥ ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ; કપટ રહિત થઈ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ. ઋષભ૦ ॥ ૬ ॥

શ્રીઋષભજિન સ્તવન.

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર; પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણ નવિ હો કો વચન ઉ-ચાર. ઋષભ૦ ॥ ૧ ॥ કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન; જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોનું વ્યવધાન. ઋષભ૦ ॥ ૨ ॥ પ્રીત કરે તે રાગિયા, જિનવરજી હો તુમે તો વીત-રાગ; પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો લોકોત્તર ભાગ. ઋષભ૦ ॥૩॥ પ્રાતિ અ-નાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ

ભાવ; કરવી નિરવિષ પ્રીતડી, કિણુ ભાતે હો કહો બને બનાવ. ઋષભ૦ ॥૪॥ પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ; પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ. ઋષભ૦ ॥ ૫ ॥ પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ; દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચળ સુખવાસ. ઋષભ૦ ॥ ૬ ॥

શ્રીઋષભજિન સ્તવન.

(રાગ-પ્રભાતિ ગોડી.)

ઋષભજિન વિનવું દેવ અવધારીએ, આપનો સેવક પાર ઉતારીએ; તુમ વિના અવર નહી કોઈ કરૂણા પરો, નિરખીયે અતુલ બલ નિલય અલવેસરો ॥ ૧ ॥ ચતુરપણે તેહને ચરણ શીર નામીયે, જેહથી પાર સંસારનો પામીયે; જાણી એમ સ્વામી બહુ ઠામ હું

રડવડયો, સહીય મુજ આજ ચિંતામણિ કર ચડયો ॥ ૨ ॥ નાથ તુજ દર્શન દુર્લભ જે લહ્યો, સહેજ મુજ હિયડલો હરખે અતિ ગહ ગહ્યો; અમૃતમય મૂરતિ દૃષ્ટિગોચર થઈ, પાપને આપદા સહુય દૂરે ગઈ ॥૩॥ સોમ્ય ગુણ શશધર તેજ દિણયર જીસિ, સાચએ વાચ મન કસે જોઈ કસી; અન્યથા ભવિય ભવ તાપ કિમ ઉપસમે, દર્શને કેમ અજ્ઞાન તમ નીગમે ॥ ૪ ॥ મોહ મિથ્યાત સંતાપ સંતાપીયો, નાથ દુઃખ દાહ જલ શરણ હું આવીયો; ચઉગતિ ચૂરીને મુક્તિપદ આપજો, આપના ઢુંકડો પાર્શ્વચંદ્ર સ્થાપજો ॥ ૫ ॥

શ્રીસિદ્ધાચલજિન સ્તવન.

જિનેશર મૂરતે મન મોહ્યુંરે, મન મોહ્યું સયલ દુઃખ ખોયું. જિનેશ્વર૦(એ આંકણી.)

જિન ભેટયા મન હુલસાયરે, અતિ આનંદ અંગ ન માયરે;પ્રભુ ધ્યાતા અખય પદ પાય. જિનેશર૦ ॥ ૧ ॥ પ્રભુ મૂરતિ મોહનગારીરે,નિરખંતા લાગે પ્યારીરે; નિજ સેવકને હિતકારી. જિનેશર૦ ॥ ૨ ॥ નિજ આતમ અનુભવ સાખેરે, વચનામૃતસમ જિન ભાખેરે; ભવિ સબ મિલ તેયોરસ ચાખે. જિનેશર૦ ॥ ૩ ॥ તવ મોહ વિકલતા જાયરે, શુદ્ધ સમકિત અનુભવ થાયરે; અગણીત પણ ગણીત ગણાય. જિનેશર૦ ॥૪॥ ઈત્યાદિક ગુણનું ધામરે, દાયક શિવ વંછિત કામરે,સેવો રૂસહ જિનેશ્વર સ્વામ.જિનેશર૦ ॥ ૫ ॥ સિદ્ધાચલ મંડણ દેવારે, દુઃખ દોહગ દૂર હરેવારે; સુખ સંપત્તિ સંઘ કરેવા. જિનેશર૦ ॥૬॥ શ્રીજિન પ્રતિમાનો આધારરે, હોજો ભવ ભવ એહ ઉદારરે; કહે શ્રીલબ્ધિચંદસૂરિસાર. જિનેશર૦ ॥ ૭ ॥

શ્રીસિદ્ધાચલતીર્થરાજ સ્તવન.

[કીજે મંગલ ચાર, આજ ઘેર પ્રભુજી પધાર્યા
એ રાગ.]

હો જિનજી દરિસણ દીજે, સેવક મુજરો લીજેરે; જિન૦; દરિસણ દેઈ મુજરો લેઈ, સેવક અપનો કીજેરે, જિનજી૦ ॥ ૧ ॥ દરિસણ દીઠે પાતક નીઠે, ભીમ ભવોદધિ છીજેરે, જિનજી૦દરિસણથી સુખ સંપત્તિ ઘટમે રિદ્ધિ વૃદ્ધિ લહીજેરે, જિનજી૦ ॥ ૨ ॥ કુમતિ કદાગ્રહ દૂર નિવારી, જ્ઞાન અમૃત રસ પીજેરે જિનજી૦ પર ગુણ ભોગ વિભાવસ્યું ન્યારો, આતમરૂપ કલીજેરે, જિનજી૦ ॥૩॥ પર પરિણતીસું હોયકે ન્યારે, નિજ પરિણતિમેં ભળીજેરે, જિનજી૦ અનુભવ માનસ સરમે ઝીલી, તત્વ રમણતા કીજેરે, જિનજી૦ ॥ ૪ ॥ સિદ્ધાચલ શીર શિખર પ્રભુજી, વિનતિ ચિત્તમેં ધરીજેરે જિનજી૦ ભાનુચંદ્ર પ્રભુ દરસ પસાયે, સુખ સંપત્તિ વિલસી જેરે જિનજી૦ ॥ ૫ ॥

શ્રી ઋષભજિન સ્તવન.

(રાગ-વેરાઉલ, અથવા-અંગીયા મેરે પ્રભુજીકી.
આજ બની-એ રાગ.)

આદીશ્વર તેરા ધ્યાન ધરૂં, સકલ જન્મ મેરા સફલ કરૂં; આદી૦ (આંકણી) પ્રભુ દરશન દિનકર કર ફરસને, દુરિત તિમિર સહુ દૂર હરૂં, આદી૦ ॥ ૧ ॥ પરમાનંદ અક્ષય સુખદાયક, બોધી રત્ન ભંડાર ભરૂં, આદી૦ ॥ ૨ ॥ અપનો પદ પાવનકો તેરા, ગુણ સ્મરણ હૃદયે અનુસરૂં, આદી૦ ॥ ૩ ॥ તેરા ભજન જહાજ અવલંબીને, ભવસાયર હેલેજ તરૂં, આદી૦ ॥ ૪ ॥ તેરા પૂજન વંછિત પૂરણ, નિશ્ચે મો મન યાહિ ખરૂં, આદી૦ ॥ ૫ ॥ ભાનુચંદ્ર પર પ્રભુકી કરૂણા, અબ શિવપુરી હેલેજ વરૂં, આદી૦ ॥ ૬ ॥

શ્રીઋષભજિન સ્તવન.

(રાગ વસંત, ફાગ, ધમાલ.)

પ્રભુ ભેટત આનંદ પાયોરે, પ્રભુ ભેટત. (એ આંકણી) નાભી નરેસર કુલ પરકાશી, મરૂદેવા માતા જાયોરે, પ્રભુ૦ આનન દીપે સારદ ચંદા, સમતા શીતલ છાયોરે, પ્રભુ૦ ॥ ૧ ॥ વૃષભ લંછન કરે પદકજ સેવા, પાંચસેં ધનુષની કાયોરે, પ્રભુ૦ પૂરવ ચોરાશી લખ વરષાયુ, વિનીતા નાથ કહાયોરે પ્રભુ૦ ॥ ૨ ॥ અષ્ટાપદ ગિરિ કાઉસગ ધ્યાને, કર્મ જંજાલ હરાયોરે પ્રભુ૦; એક અવગાહને સિદ્ધે પહુતા, જ્યોતસેં જ્યોત મિલાયોરે, પ્રભુ૦ ॥ ૩ ॥ ઐસે પ્રભુકે મુખકી સુખમાં તેજે તરણી લજાયોરે, પ્રભુ૦ અમરી પતિ પ્રભુ ચરણ કમલમેં, અહનિશ રહે લપટાયોરે, પ્રભુ૦ ॥ ૪ ॥ ભાવ ભલી વિધ પૂજા કરતાં, આતમ ગુણ હુલસાયોરે, પ્રભુ૦; હરખસૂરિંદ

મુનીંદ્ર સુપસાયે, મંગલ માલ સવાયેરે, પ્રભુ૦ ॥ ૫ ॥

શ્રીઆદિનાથ પાદુકા સ્તવન.

(તીરથની આશાતના નવિ કરિએ-એ દેશી.)

આદિ જિણંદની પાદુકા નિત્ય નમિયે, હાંરે નિત્ય નમિયેરે નિત્ય નમિયે; હાંરે નમતાં દુઃખ દૂરે ગમિયે, હાંરે ભમિયે ન સંસાર. આદિ૦ ॥ ૧ ॥ રાયણ રૂંખ સમોસર્યા જિનરાયા, હાંરે પંચશત ધનુ કંચન કાયા; હાંરે શીતલ તરૂવરની છાયા, હાંરે રહ્યા ધ્યાને લીન, આદિ૦ ॥ ૨ ॥ પુરવ નવાણુ વાર ઇણગિરિ આયા, હાંરે ધર્મ ઉપદેશ ભવિને સુણાયા; હાંરે જસુ ગુણ ગણ સુરનર ગાયા, હાંરે વંદતા સુખદાઇ. આદિ૦ ॥ ૩ ॥ સહસ અઠોત્તર લક્ષણે કરી છાજે, હાંરે મહિમા જસ ત્રિભુવન ગાજે; હાંરે પ્રભુ પાદુકા

નિરખિ આજે, હાંરે ભયો આનંદ અપાર. આદિ૦ ॥ ૪ ॥ સહજરાજેશ્વર પૂર્ણ જગદુપકારિ, હાંરે સાગર કૃપા પ્રસન્નતાધારી; હાંરે ક્ષેમ ઉદયના હૃદયે અપારી, હાંરે ભેટત જિનપાય. આદિ૦ ॥ ૫ ॥

શ્રીપુંડરીકજિન સ્તવન.

(ભલે બીરાજોજી ૨,–એ દેશી.)

તુમતો ભલે બીરાજોજી ૨, પુંડરીક ગિરિપર પુંડરીક મુનિસર ભલે બીરાજોજી; દેશ દેશકે જાત્રી આવે, દરસન તે સુખ પાવે; શુદ્ધ ભાવસેં પૂજ રચાવે, દુર્ગતિ દૂર ગમાવે, તુમ૦ ॥ ૧ ॥ કામમદ મોડન મનહર મુદ્રા, શાંત સુધારસ ઝરતી; જન્મ જન્મના પાપપડલને, દેખત દૂરે હરતિ, તુમ૦ ॥ ૨ ॥ અનંતજ્ઞાનકી તાનમે બેઠે, અવિચલ પદવી પાઇ, સેવક સનમુખ દેખો પ્રભુ અબ, અરજ કરે ગુન ગાઇ, તુમ૦

॥ ૩ ॥ તરન તારન નિર્યામિક તુમહી, તુમહી દીનદયાલ; મેરા ભવ ભવ દાહ નિવારો, જ્યું છુટે દુઃખઝાલ, તુમ૦ ॥ ૪ ॥ આસ ધરિ આવ્યો પ્રભુ ચરણે, ભવ ભવ ભીડનિવારો; સહજરાજેશ્વર સાહિબા મોહે, ભવ સાગરસેં ઉતારો, તુમ૦ ॥ ૫ ॥

શ્રીપુંડરીકજી ગણધર સ્તવન.

(ધન ધન ધન જંબુ૦--એ દેશીમાં.)

ધન ધન પુંડરીક ગણધરા, વંદું હું વારં વાર; પુરૂષવર પુંડરીક જીસા, પડિમા જેહની ઉદાર, ધન૦ ॥ ૧ ॥ એક દિન આદિજિણંદને, વંદી પૂછે ગણધાર; તારક ! સવિ દુઃખ દૂર કરી, પામીશ કેદી હું પાર, ધન૦ ॥ ૨ ॥ પ્રભુ કહે ઇણગિરિ ઉપરે, પંચ કોડ મુનિને સંઘાત; ચૈત્રી પુનમ દિન પામસો, શિવવધુ સુખ અવદાત, ધન૦ ॥ ૩ ॥ ઇસિ-

પેરે વચનામૃત સાંભલી, ઉલ્લસ્યો હર્ષ અપાર; કેવળ લહી ઇણગિરિવરે, પહોતા મુક્તિ મુઝાર; ધન૦ ॥ ૪ ॥ પ્રગટયો મહિમા મહિતલે, પુંડરીક ગિરિનો નામ; સહજરાજેશ્વર તીર્થમાં, ગુણ સાગર ગિરિ નામ, ધન૦ ॥ ૫ ॥

શ્રીસિદ્ધાચલ સ્તવન.

(દેશી બલીહારીની.)

દયાલુદેવા દયાલુદેવા દયાલુદેવા, સિદ્ધાચલદયાલુદેવા, મહેરકરીને ભવજલ તારિએજી; કીધા મેં બહુ કર્મ, કેતા આવે છે શર્મ; હવે આપોને નિજ પદ સેવા, સિદ્ધાચલ દયાલુ૦ ॥ ૧ ॥ હેય જ્ઞેયનો ભેય, ન જાણ્યો ઉપાદેય; કેમ પામુ શિવસુખ મેવા, સિદ્ધાચલ દયાલુ૦ ॥ ૨ ॥ હું પ્રભુ થઈ અનાણી, કિયો જન્મ ધૂલ ધાણી,

આવ્યો છું પ્રભુ અરજ કરેવા, સિદ્ધાચલ દયાલુ૦ ॥ ૩ ॥ વિમલાચલ મંડન સ્વામી, સેવક કહે શિરનામી; ભવ સાગરસેં ઉદ્ધારો તતખેવ, સિદ્ધાચલ દયાલુ૦ ॥ ૬ ॥

શ્રીસિદ્ધાચલતીર્થરાજ સ્તવન.

આજ આનંદ ધરી, સખીરી, આજ આનંદ ધરી, શ્રીવિમલાચલ વિમલ તીરથકી; સ્થાપના નિરખી ખરી; રોમ રોમ આનંદ ભયો મેરે, ભાવ સબ હૃદય ધરી, સખીરી આજ૦ ॥ ૧ ॥ પુન્ય ઉદયસે દરીસણ હોવે, નયનાનંદ ભરી; દ્રવ્ય ભાવસેં પૂજન કરતે. અઘ સબ જાય ટરી, સખીરી આજ૦ ॥ ૩ ॥ જંગમ તીરથ પ્રથમનાથ પ્રભુ, એ ગિરિપર વિચરી; પૂરવ મુનિવર તીરથ શરણ કર. વર્યા મુક્તિ પુરી, સખીરી આજ૦ ॥ ૩ ॥ શ્રીસિદ્ધાચલ તીર્થરાજકી, અપૂરવ રચના કરી; વિક્રમ પુરવાસી પ્રભુ

ગુણ પ્યાસી, ઉદયચંદ્ર ભાવ ધરી, સખીરી આજ૦ ॥ ૪ ॥ ઓગણિશ છિઉતેર આસોજ પૂનિમ, ભેટયા વિમલગિરી; શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વર સદ્દગુરૂ, ભવસાગરમેં તરી, સખીરી આજ૦ ॥ ૫ ॥

શ્રીશાંતિનાથ સ્તવન.

(સુંદર શામળીયા, નામજપીશ-એ દેશી.)

શાંતિજિનેશ્વરજી, ધ્યાન ધરૂં નિત્ય તારૂં; નિરખી જિનવરજી, મન લોભાણું મારૂં, શાંતિ૦ ॥ ૧ ॥ અચિરાજી માતા કુખે આવ્યા, મતિ શ્રુત અવધિસાથે લાવ્યા; રોગો સઘલા મિટાવ્યા, શાંતિ૦ ॥ ૨ ॥ પેખો પ્રતિમા સુંદર તારી, ચિત્ત વૃત્તિ થઇ શાંત હમારી; મૂર્તિ અમૃત કયારી, શાંતિ૦ ॥૩॥ મારૂં મન તુજ ધ્યાને લાગ્યું, પૂર્વોપાર્જિત પુન્યજ જાગ્યું; અશુભ કર્મ સહુ ભાગ્યું, શાંત૦ ॥ ૪ ॥ તુમ સ્તવનાથી આનંદ થાયે,

ાગ સોગ વ્યાધી દૂર જાયે; શાંતિ શાંત
રતાએ, શાં૦ ॥ ૫ ॥ નિર્મલબુદ્ધિ અ-
મને અપો, ભવસાયરના પ્રભુ દુઃખ કાપો;
ાય શિવવધુસુ સંલાપો, શાંતિ૦ ॥ ૬ ॥

૨

મોહ્યો મુજ મન તુમ ગુણે, શ્રીશાંતિનાથ
જિન રંયારે; મહીર કરો મુજ ઉપરે, લાગું
ળી લળી પાયારે, મોહ્યો૦ ॥ ૧ ॥ તુમ
નામામૃત વેલડી, મેં પીવી નિરધારોરે;
ભવ ભવ સંકટ ટાલજો, પાતક દૂર નિવા-
રોરે, મોહ્યો૦ ॥ ૨ ॥ સેવક જાણી આપણો,
ા કર કયું ન સંવાહોરે; તારોજી ત્રિભુ-
ન ધણી, તારક સાચ કહાવોરે, મોહ્યો૦
॥ ૩ ॥ તુમ મુખ ચંદ્રજ પેખતાં, મુજ
ાચે ઉદ્ધાસોરે; મો મુખ એકજ જીભડી,
હી ન સકું જસ તાસોરે, મોહ્યો૦ ॥ ૪ ॥
ાંતિકરણ તું સાહીબા, સેવકને સુખદાતારે;

પ્રેમચંદને આપજો, અવિચલ સુખની સાતારે, મોહો૦ ॥ ૫ ॥

૩

(મનડું કીમહિ ન બાજે૦-એ દેશી)

ભવ સાયરથી ઉતારો, હો શાંતિ પ્રભુ ભવસાયરથી ઉતારો; શાંતિકરણ પ્રભુ વિઘ્ન નિવારણ, સેવક કારજ સારોહો શાંતિ પ્રભુ. ॥ ૧ ॥ કલ્પાતીત સ્વરૂપી છો તુમે, અવર નહી તુજ ઠામે; ધ્યેય સ્વરૂપે તુજને ધ્યાવે, ધ્યાતાં ધ્યેયતા પામે હો, શાંતિ પ્રભુ૦ ॥ ૨ ॥ નિગોદપણે એક શ્વાસઉશ્વાસમે, સાડાસત્તર ભવ લાધે; કાલ અનંત અવ્યકત મહા દુઃખ, તિર્યંચ અનંત ગુણુ બાધેહો, શાંતિ પ્રભુ૦ ॥ ૩ ॥ વલી વલી એ જીવ નરક નિગોદે, ભ્રમણ કરી દુઃખ વેદે; એ રીતે હો એ જીવ સંસારમે, તુજ દરશણ વિણુ ખેદ હો, શાંતિ પ્રભુ૦ ॥ ૪ ॥

નદી ઉપલ ગોલ ન્યાયે જીવડો, કર્મ જોગે ઉર્ધ્વ આવે; ત્યાં પણ નારક ઉત્કૃષ્ટી વેદન, તેત્રીશ સાગર પાવેહો, શાંતિ પ્રભુ૦ ॥૫॥ શુભ કર્મોદય તુમ દરશન યોગે, એકવાર સમકિત લાધે; અર્દ્ધ પુદ્દગલ પરાવતી શુદ્ધિ, સંસાર માંહિ જીવ રહે હો, શાંતિ પ્રભુ૦ ॥ ૬ ॥ હવે હું ભવો ભવ ભટકત પાયો, પ્રભુ દરશણ પણ આપો; સેવક ઉપર મ્હેર કરીને, અખય અમર પદ થાપોહો, શાંતિ પ્રભુ૦ ॥ ૭ ॥

શ્રીજિનરાજ સ્તવન.

[હિરજ્જાકી ચાલ.]

અરજ હમારી સુન લિજીયે, જિનમતકે રાજા અરજ૦ દૂશ્મન ક્રોધાદિક લગારે, પંચ પ્રમાદ ઠગેરા તેર કાઠિયા કેડ ન મુકે, વિષયાદિક રહે ઘેરારે, જિન૦ અરજ૦ ॥ ૧ ॥ આઠ કરમ મોહે નાચ નચાવે, જોની લાખ ચો-

રાશી; નિજ ગુણ વિણ કછુ કામ ન સરિ-
ચો, તુમસે કહું અવિનાશીરે, જિન૦ અ-
રજ ॥ ૨ ॥ ધરમ ધરમ કરતો જગ ઢુંઢે,
ધરમ પરમ નહી જાને; સાચે ધરમ વિના
લહે કૈસે, તત્વવાત પહેચાનેરે, જિન૦ અ-
રજ૦ ॥ ૩ ॥ ભવવન માંહે ચેતન ભમતાં,
સમકિતકું નહી પાયો; ગિલ ગિચીયા જીમ
ગુડતા ગુડતા, અબકે નરભવ આયોરે,
જિન૦ અરજ૦ ॥ ૪ ॥ સમરથ સાહિબ જાન
પ્રભુજી, તુમ દરસન મન ભાયો; મુગતિ
નગરકી ડીગરિ દીજૈ, અબીરચંદ ગુન ગા-
યોરે, જિન૦ અરજ૦ ॥ ૫ ॥

શ્રીકેસરીયાનાથ સ્તવન.

(ઉઠત પ્રભાત નામ—એ દેશી.)

કેસરીયા જિણંદ મોકું, થાસું લય લાગી
કુમતી કુટિલ ગઈ, સુમતી અબ જાગી;
કેસરી૦ ॥ ૧ ॥ પ્રભુકે દદાર સુખકાર, મનો-

હાર દેખ; કુબુદ્ધિ કુવાસના, અબ મોહે ભાગી, કેસરી૦ ॥ ૩ ॥ અનુપમ મૂરતિ, સૂરતિ ધ્યાવત; મોક્ષ ગયે કેઈ, કર્મકો ત્યાગી, કેસરી૦ ॥ ૩ ॥ દીનદયાલ, દયા કરી દીજે; અચલ અમલ, શિવગતિ સે.ભાગી, કેસરી૦ ॥ ૪ ॥ ભવ સાયરસે, પાર ઉતારો પ્રભુ; સહજકલાનિધિસૂરિ વડભાગી, કેસરી૦ ॥ ૫ ॥

૨

(નદી જમુનાકે તીર ઉડે દોય પંખીયા—એ દેશી.)

પ્રણમું પ્રેમે પ્રહસમે દેવ દયાનિધિ, કેસરીયાજી મહારાજકે નામે નવનિધિ; મહિમા મુખસું વરણવા જાકી વિદ્યાનિધિ. સુરગુરૂ નહિ સમરથ સેવકકો દે અડસિદ્ધિ ॥ ૧ ॥ દોષાતીત ગુણીકો દેવ ધ્યાવું સદા, શુદ્ધ પરૂપક ગુરૂકો ન મેં છોડું કદા; પ્રભુ પ્રકાશિત ધર્મ વિદ્યમાન આગમે, એ તીન તત્વ આરાધું મેરે મનમેં ગમે, ॥ ૨ ॥ પ્રભુ

દરિસનસે આજ આનંદ અધિક ભયો, વો
મુખસેં ન કહાય મેરો જીય મુખ લયો;
સહજકલ્લાનિધિરાજરાજેશ્વર ભેંટયા, ગુણ
સાગર આરાધી ભવ દુઃખ મેટિયા ॥ ૪ ॥

શ્રીઅજિતનાથ સ્તવન.

(ભરતને પાટે ભૂપતિરે–એ દેશીમાં)

પ્રહસમે પ્રણમું પ્રેમથીરે, સર્વદેવશિર-
તાજ સલુણા; શાશ્વતાસુખમાંહિ રાજતારે,
અજિતનાથ મહારાજ સલુણા; એ જિન
સેવો ભાવથીરે, દેવ નહિ કોઇ એવો સલુણા
॥ ૧ ॥ બહુ દિનનો હું ઉમહ્યોરે, નામ સુણ્યો
અભિરામ સલુણા; નયણ અતિ અલજો
કરેરે, નિરખણ પ્રભુ સુખ ધામ સલુણા,
એ જિન૦ ॥ ૨ ॥ ગુણ ગાઉ પ્રભુ તાહરારે
ધ્યાન ધરૂં નિસદીશ સલુણા; તુમ નામે
મુજને હુજોરે શિવસુખનો ફલ ઈશ સલુણા,
એ જિન૦ ॥ ૩ ॥ તુંહિ જીવન તુંહિ આ-

તમારે, તું મુજ પ્રાણ આધાર સલુણા, શી-
રપર આણ સદા વહુંરે, ભયભંજન સા-
ધાર સલુણા, એ જિન૦ ॥૪॥ ભક્તવચ્છલ
પ્રભુ વિનવું રે, કરજો મોરી સાર સલુણા;
સહજકલાનિધિ સાહિબારે, કરો ભવ સા-
ગરપાર સલુણા, એ જિન૦ ॥ ૫ ॥

શ્રીસંભવનાથ સ્તવન.

(ભલે બિરાજોજી ૨ સામલિયા—એ દેશી.)

મેંતો દરશન પાયાજી, મે તો દરશન પા-
યાજી સંભવદેવ તુમારા, મેંતો દરશન પા-
યાજી; તારૂં રૂપ અનોપમ દીસે, દેખત કામ
લજાયો; અદૃષ્યતા તો તેથી સેવે, મનમાં
જઈ સંતાયો, મેંતો૦ ॥ ૧ ॥ શાંતિ મુદ્રા
પ્રભુની નિરખત, શાંતિ ઘરમાં આયો; બિંબ
પ્રતિબિંબ ભાવર્થારે, ભાવ સ્વરૂપ મન
ભાયો, મેંતો૦ ॥ ૨ ॥ કોડી ભવકંદ ફંદ
નિવાર્યા, સમકિત મારગ પાયા; ભ્રાતૃચંદ્ર-

સૂરિ ગુરૂકે સેવક, સાગર પ્રભુ ગુણ ગાયા મેં તો૦ ॥ ૩ ॥

શ્રીશાંતિનાથ સ્તવન.

(વાલા વેગે આવોરે—એ દેશીમાં.)

શાંતિજિનસ્વામીરે, વંદુ શીર નામીરે; પ્રભુજી મોહે તારીએ હોજી. નહિ તારોતો તારક કેમ કહાય, શાંતિ૦ સાખી-ધનવંતરી કર્મ રોગહર, ભવ અડવી સથવાહ, નિર્યામક ભવસમુદ્રનો, મહા બાહુણ જગનાહ;

એ બિરૂદ વહો ગુણ ધામીરે, પ્રભુજી મેહે તારાયેહોજી; શાંતિ૦ ॥ ૧ ॥

સાખી—દીનદયાલ કૃપાલ તુમ, સેવક શરણાધીન; કરૂણાનિધિ કરૂણા કરો, દુઃખ દીઠા બહુ દિન; અરજ સુણો વિસરામીરે, પ્રભુજી મોહે તારીયેહોજી; શાંતિ૦ ॥ ૨ ॥

સાખી —વિશ્વસેન કુલદિનમણી, અચિરા માત મલ્હાર; પંચમચક્રી સોલમા. તીર્થં-

કર સુખકાર; પાર કરો શિવ આરામીરે, પ્રભુજી મોહે તારીયે હોજી; શાંતિ૦ ॥ ૩ ॥

સાખી નાગપુરીય તપગણ ગગન, દિનમણી પાર્શ્વસૂરીંદ્ર; સહજરાજેશ્વર સેવતાં સાગર સુખ અમંદ. થયો અભય દરિસન પામીરે, પ્રભુજી મોહે તારીયે હોજી; શાંતિ૦ ॥ ૪ ॥

શ્રીચિન્તામણીપાર્શ્વનાથ સ્તવન.

(રાગ–ગોડી.)

પ્રભુજી કૌન કહે તુંહી તારૂ, મોએ તારો તૌ વારૂ, પ્રભુજી૦ તારક નામ ધરાયકે મોકું. ક્યૌ ન કરૌ ભવ પારૂ, પ્રભુજી૦ ॥ ૧ ॥ તું ત્રિભુવન નાયક બહુ લાયક. શિવસુખ કૌ દાતારૂ, પ્રભુજી૦ ॥ ૨ ॥ ચાર કૌ બિરૂદ સંભાર કૌ તારૌ, મૈ હું રહ્યો તુમ સારૂ, પ્રભુજી૦ ॥ ૩ ॥ તરતેકું તારે કહાં અચરિજ, તારૌ હું બહુલ સંસારૂ, પ્રભુજી૦

॥ ૪ ॥ ભાનુ કહે પ્રભુ પાસ ચિન્તામણી દીજે સુખ નિરધારૂ, પ્રભુજી૦ ॥ ૫ ॥

શ્રીઅજિતનાથ સ્તવન.

તું પરમેશ્વર મેરો, અજિતજિન તું પરમેશ્વર મેરો. તું ત્રિભુવનપતિ સમરથ સાહીબ, ખિજમતગાર હું તેરો, અજિત૦ ॥ ૧ ॥ વિષય વિકલ જો દેવ કહાવત, સો તો મોહ અંધેરો; રાગ દ્વેષ વિણ જગ ઉપગારી, યાહી દેવ ભલેરો, અજિત૦ ॥ ૨ ॥ મેરે મનમેં તુંહિ વસતહે, નામ જપત હું સવેરો; સેવા ન છોરૂ કબહું ચરણેકી, હેઇ રહું નિતુ ચેરો, અજિત૦ ॥ ૩ ॥ મોપર કરૂ-ણાકાર જગતારક, દુઃખ સહ્યા મેં ઘણેરો; અબ મોયે દીજે મહાસુખ એસો, અજામે નહિ ભવ ફેરો, અજિત૦ ॥ ૪ ॥ મેરે મહોદય કાજ કિયો મે, શરણ જગપતિ કેરો; ભાનુચંદ્ર પ્રભુ સેવત પાયો, દિન દિન સુખ અધિકેરો અજિત૦ ॥ ૫ ॥

શ્રીઅભિનંદનજિન સ્તવન.

(ફતમલ પાણીડાં ગઇતી તલાવ કાંટો ભાગ્યો
પગની લાંકમાં-એ દેશી.)

પ્રભુજી અભિનંદન જગનાથ, શિવપુર સાથ ભલો મિલ્યો; પ્રભુજી તસ્કરપતિ રાગાદિ તેહનો ભય દૂરે ટળ્યો, પ્રભુજી અભિ૦ ॥ ૧ ॥ પ્રભુજી તુજ સરિખો સથવાહ, બાંહ ગ્રહીને ઉદ્ધરે; પ્રભુજી દુઃખ દાયક જગજેહ, તે વૈરી તિહાં સ્યું કરે, પ્રભુજી અભિ૦ ॥ ૨ ॥ પ્રભુજી ભવ ભમતાં બહુ કાલ. ચક્ર અનંતા વહિ ગયાં; પ્રભુજી ઇહાં મીલ્યા જિનરાજ, કાજ સવે મુજ સિદ્ધ થયા, પ્રભુજી અભિ૦ ॥ ૩ ॥ પ્રભુજી શ્યો હવે સિદ્ધિ વિલંબ, પ્રાપ્તિનો અવસર ભાવિયો; પ્રભુજી મહિર કરો મહારાજ, તુમ ચરણે હું આવિયો, પ્રભુજી અભિ૦ ॥ ૪॥ પ્રભુજી તારણ તરણ જહાજ, આજ ભલે પ્રભુ ભેટીયા; પ્રભુજી વાઘજી મુનિનો ભાણ, કહે ભવ દુઃખ સવિ મેટીયા, પ્રભુજી૦॥૫॥

૨

(કોયલો પર્વત ધુંધલોરેલો–એ રાગ.)

દ્યો દરસણ પ્રભુ માહારારે લો. અભિનંદન જિનરાજરે વાલેસર; ત્રિભુવન નાયક સુખ કરૂરેલો. કુળ જાણે તુજ માજરે વાલેસર દ્યો૦ ॥ ૧ ॥ જો પણ દરસણ દોહિલોરેલો. સકલ ગુણનો ઠાણરે વાલેસર; તોપણ સાહિબ તાહરીરેલો, જો કરૂણાસપરાણરે વાલેસર, દ્યો૦ ॥ ૨ ॥ તો ક્ષણમાંહે પામીયેરેલો, અનુભવરસ ભરપૂરરે વાલેસર; ગૌતમ પ્રમુખ તણીપરેરેલો, વિઘન ટલે સહુ દૂરરે વાલેસર દ્યો૦ ॥ ૩ ॥ ચરમાવર્ત થયા પછીરેલો, અપૂર્વકરણ ગુણ ઠાણરે વાલેસર; સબલગંઠી ઘણ કર્મનીરેલો, ભેદ આતમરામરે વાલેસર; દ્યો૦ ॥ ૪ ॥ અકલ અમલ અજરામરૂરેલો ભગતવચ્છલ શિરતાજરે વાલેસર, સાગરની એ વિનતારેલો, અવધારો મહારાજરે વાલેસર, દ્યો૦ ॥ ૫ ॥

શ્રી પર્યુષણપર્વ ચૈત્યવંદન.

આસન ઉપગારી પ્રભુ, વીર જિણેશ્વર રાય, પર્વ પજુસણ પામીને, વંદુ મન વચ કાય ॥ ૧ ॥ દેવરચિત સમવસરણ, રત્ન સિંહાસન માંહિ બેસી ભાંખે ભવિકને, શ્રી પર્વ મહિમા ત્યાંહિ. ॥ ૨ ॥ ભાદરવાસુદી પંચમી વાર્ષિક પર્વ ઉદાર; તે દિન જીવ ખમાવીયે, ખમીયે વારંવાર. ॥ ૩ ॥ તપ તેલાનુ આચરી કરીયે દેવ જુહાર; ગુરૂ મુખ કલ્પ સિદ્ધાંતની, વાંચના સુણો મનોહાર ॥ ૪ ॥ પડિક્કમણો પોષધ ગ્રહી, કરીયે ભાવ ઉલ્લાસ વિધિથી શ્રી પર્વ સેવતા, મોડે ભવનો પાર. ॥ ૫ ॥ આઠ દિવસ ઓચ્છવ કરી, આરાધો શ્રી પર્વ; ધર્મ ધ્યાન ધ્યાના થઈ, ટાળો આરંભ ગર્વ. ॥ ૬ ॥ ઉત્તમ પર્વ આરાધના, ઉત્તમ જનથી થાય; નિંદા વિકથા દૂર કરી, સેવો ભવિ સુખદાય. ॥ ૭ ॥ કર્મ કઠિન મલ તોડવા, ઉત્તમ પર્વ અધિકાર; ક્ષમા

સહિત તપ આચરે, ભાવ ભગતિ અનુસાર. ॥ ૮ ॥ જિનવર આણુ સહિત જે, આરાધે શ્રી પર્વ; તીર્થનાથ ગુરૂધર્મને, આરાધ્યા તેણે સર્વ. ॥ ૯ ॥ શ્રી જિન આણ ઉલંગીને વરતે સ્વેચ્છાચાર; કાપુરૂષ તેહને કહ્યો, સુપુરૂષ નહિ નિરધાર. ॥ ૧૦ ॥ તપ સંયમ આણા સહિત, શિવ સુખદાયક ધર્મ; આણ રહિત કિરિયા કહી, કુસ પરાલ એ મર્મ. ॥ ૧૧ ॥ અહો તુમ શાસન મીઠડું, સેવું ધરી ઉચ્છાહ; આણારાધનતા હજો, ભવોભવ એ મુજચાહ. ॥ ૧૨ ॥ વચનામૃત પ્રભુ તાહરા, સમરૂં વરંવાર; સહજ કલાનિધિ સાહિબા, કર ભવ સાગર પાર. ॥૧૩॥

જૈનાગમાંભોનિધિ–શ્રીમત્પાર્શ્વચંદ્રસૂરીશ્વરકૃત–શ્રીગૌતમસ્વામીનો લઘુરાસ.

શ્રીવસુભૂઇપુત્તો, માયાપુહવીય કુચ્છિ સંભૂઓ; ગણધાર ઇંદભૂઇ, ગોયમગુત્તો સુહં

દિસઉ ॥ ૧ ॥ રયણ વિહાણે થયો પ્રભાત, ગૌતમ સમરૂ જગ વિખ્યાત: ઋદ્ધિ વૃદ્ધિ જસુ મહિમા ધણી, પય સેવે ધરણીના ધણી ॥ ૨ ॥ ગૌતમસ્વામી લબ્ધિ નિધ ન, ગૌતમસ્વામી નવે નિધાન; સુરગો તરૂમણિ ગૌતમ નામ, જેવો નામ તેવો પરિણામ ॥ ૩ ॥ ગુબ્બર ગામ જન્મનો ઠામ, ગૌતમ તણા કરે ગુણગ્રામ; સહુઅ લોય બાલાપણ લગે, ભટ્ટ ચટ્ટ બહુલા ઓલગે ॥ ૪ ॥ ગૌતમ ગિરૂઓ ગુણ ભંડાર કલા બહોતર પામ્યો પાર; ચઉદહ વિદ્યા જિણુ અભ્યસી, જાગત જ્યોત જિસિ મનવસિ ॥ ૫ ॥ વીરજિણ ચઉદહ સહસશીશ, તેહુમાંહિ પહિલો સુજગીશ: તસુ પય વંદુ નામું શીશ, આશ ફળે મનની નિશદિશ ॥ ૬ ॥ ગીતારથ પદવીના ધણી, સૂરીશ્વર જસુ મહિમા ધણી; ગૌતમ મંત્ર સદા સમરંત, તતખિણ વિદ્યા સહુફુરંત ॥ ૭ ॥ તનુ પ્રણમું વચને સંથણું, એક ચિત્ત ચિત્તે ચિંતવું; શ્રીગૌતમ ગણધરનો નામ, મહિમા મોટિ ગુણમણિધામ

॥ ૮ ॥ ઉઠંતા બેઠંતા સહી, પંથ ચાલતાં હિયડે અહી; ગૌતમ ગાતમ કહેતા સુખે, સહુય કાર્ય તે સીજે સુખે ॥ ૯ ॥ ગૌતમ નામે આરતટલે, ગાતમ નામે વંછિત ફલે; ગૌતમ નામે નાવે રેગ, ગૌતમ નામે પાવે ભોગ ॥ ૧૦ ॥ ગૌતમ નામે નાશે વ્યાધ, ગૌતમ નામે પરમ સમાધ; ગાતમ નામે દુર્જન દૂર, ગૌતમ નામે હરખ ભરપૂર ॥ ૧૧ ॥ ગૌતમ નામે હયગય વાર, ગૌતમ નામે સુલખ્ખણ નાર; ગૌતમ નામે સુગુણ સુપુત્ર, ગૌતમ નામે સહુયે મિત્ર ॥ ૧૨ ॥ ગૌતમ નામે ઉચ્છવ હોય. ગૌતમ નામે ન પરાભવ કોય; ગૌતમ નામે મંગલ તૂર, ગૌતમ નામે કુરકપૂર ॥ ૧૩ ॥ ગૌતમ નામે જય સંગ્રામ, ગૌતમ નામે તુટે સ્વામ; ગૌતમ નામે વિનય વિવેક, ગૌતમ નામે લાભ અનેક ॥ ૧૪ ॥ ગૌતમ નામે ન છીપે પાપ, ગૌતમ નામે ટલે સંતાપ; ગૌતમ નામે ખપે સવિ કર્મ, ગૌતમ નામે હોય શિવશર્મ ॥૧૫॥ ઘણું

ઘણું હવે કહિયે કિશ્યું, થોડે તુમે જાણુજો ઇશ્યું; ગૌતમ સમરંતાં જાગિયે, જે લાહિયે તે તે માંગિયે ॥ ૧૬ ॥

કાવ્ય–કલશ.

ઇત્થં ગૌતમસંસ્તુતિ: સુવિહિતા ચંદ્રેણ પાર્શ્વાદિના, ભક્તિસ્ફીતમુદાલયેન ગણભૃત્પાદાંબુરૂટ્ચુંચુના; યે તસ્યા: સ્મરણું પ્રભાતસમયે કુર્વંતિ ચંગાત્મકા–સ્તે નિત્યં મનસ: સમીહિતફલં સદ્યો લભંતેતરામ્ ॥૧૭॥

અર્થ:— આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીની યોગ્ય સ્તુતિને, તેમની ભક્તિથી વધેલા હર્ષના નિવાસસ્થાન બનેલા અને તેજ ઇંદ્રભૂતિ ગણધરના ચરણકમળમાં લીન એવા કેવલિભાષિતન્ય ચમાર્ગદર્શક–જૈનાગમાંભોનિધિ-શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વર મહારાજે રચેલી છે, તે સ્તુતિનું પોતાનું આત્મસાધન કરવામાં સ્વાભાવિક નિપુણ એવા જે માણસો સવારના પહોરમાં નિરંતર યાદ કરે છે, તેઓ પોતાના મનોવાંછિત ફળને જલ્દી મેળવે છે. ૧૭ ઇતિ.

શ્રીસિદ્ધાચલ તીર્થ સ્તવન

(આંખ વિના અંધારૂંરે૦ —એ દેશી)

સરણાગત મુને તારોરે સિદ્ધાચલ દેવા;
સરણાગત મુને તારો૦ એ (આંકણી)
દીનદયાલુ દેવા, વંછું ચરણોની સેવા;
જેમ પામું હું શિવસુખ શ્રીકારોરે. સિદ્ધા-
ચલ દેવા સર૦ ॥ ૧ ॥ તરણ તારણ એવો,
બીરૂદ નહીં જેવો તેવો; તે ધરતા પ્રભુ કેમ
ન ઉદ્ધારોરે, સિદ્ધાચલ દેવા સર૦
॥ ૨ ॥ સેવક દોષ જોસો, સ્વામી કેમ
કેવાસો; અગણિત દોષોનો હું છું ભંડારોરે
સિદ્ધાચલદેવા સર૦ ॥૩॥ બહુ ભવ્ય તાર્યા
વારૂ, હું રહ્યો તુમ સારૂ; હવે તારો પ્રભુ
મુજ આવ્યો વારોરે, સિદ્ધાચલદેવા સર૦
॥ ૪ ॥ ભવ સાગર પાર કારી, નિર્યામક
નામધારી; મારે તીર્થનાથનો એક આધારોરે
સિદ્ધાચલદેવા સર૦ ॥ ૫ ॥ સહજરાજેશ્વર
વરવા, ભવસાગર દૂર કરવા; હવે અરપોને
ઉદ્યમ મનોહારોરે, સિદ્ધાચલદેવા સર૦॥૬॥

શ્રીસુમતિનાથ સ્તવન.

(રાગ-ભૈરૂ)

પ્રભુ જો તુમ તારક નામ ધરાયો, તો તાર્યો મુજ ચહિયે, પ્રભુ૦ ॥૧॥ દીનદયાલ દયાનિધિ સાહિબ, મેરી ઓર ચિતઇયેજી પ્રભુ૦ ૨ મોસું પતિત ન યાહિ જગતમેં, દુજો ઓર ન પઇયેજી, પ્રભુ૦ ૩ તુમહો પતિત ઉધારન તારન. અપનો વિરૂદ બઢઇયેજી, પ્રભુ૦ ૪ એસો કૌન દયાલ જગતમેં જાકે દ્વારે જઇયેજી, પ્રભુ૦ ૫ પ્રભુ જો તુમ મોહિ વિસારો, તો કાકો હોય રહિયેજી, પ્રભુ૦ ૬ સુમતિ જિનેસર સાહિબજીસેં, બહુત કહાંલગ કહીયેજી પ્રભુ૦ ૭ હરષચંદ સેવકકી લજ્જા, બાંહ ગહેકી નિવહિયેજી, પ્રભુ૦ ૮

શ્રીભદ્રેશ્વર મંડન શ્રીમહાવીર પ્રભુસ્તવન

(તીરથની આશાતના નવી કરીયે, એ દેશી)

ભદ્રેશ્વર મહાવીરજી નિત્ય નમિયે, હાંરે નિત્ય નમિયે તો પાપ નિગમિયે; હાંરે પાંચે ઇન્દ્રિયને વલી દમિયે, હાંરે ભમિયે ન સંસાર, ભદ્રેશ્વર મહાવીરજી૦ ॥ ૧ ॥ તીર્થ પ્રાચીન કચ્છ દેશમાં એ રાજે, હાંરે જેની શોભા અતિશય છાજે; હારે જસ મહિમા જગમાંહિ ગાજે હાંરે નમતા સુખ-કાર, ભદ્રેશ્વર મહાવીરજી૦ ॥ ૨ ॥ દુઃકાલ હરણ દીનબંધુ જેહ કેવાયો, હાંર શેઠ જગડુ ચિત્તમે ઉમાયો; હાંરે પ્રભુ દરિસનથી સુખ પાયો હાંરે કર્યો જીર્ણોદ્ધાર, ભદ્રેશ્વર મહા-વીરજી૦ ॥ ૩ ॥ કાલ દૂષણે તિહા પુરીની થઇ પડતી હાંરે બહુ કાલે તીરથની થઇ ચડતી; હાંરે જીહાં ઓટ તિહાં વલી ભરતી હાંરે એ વીર સિદ્ધાંત, ભદ્રેશ્વર મહાવીરજી૦ આજે બાવન જિનાલય તિહા દીપે, હાંરે

ઈંદ્ર સભાને શોભાથી જીપે, હાંરે સદા રહિયે જેહના સમીપે, હાંરે એવા મનોરથ થાય, ભદ્રેશ્વર મહાવીરજી૦ ॥ ૫ ॥ સહજ રાજેશ્વર જગતમાં ઉપગારી હારે ભવસાગર દૂર નિવારી. હાંરે પ્રભુ દરિસને પ્રસન્નતા ભારી; હાંરે આપે મંગલ માલ, ભદ્રેશ્વર મહાવીરજી૦ ॥ ૬ ॥

શ્રીઆદિનાથ સ્તવન.

પ્રભુજી આદીશ્વર અલવેસર નતિ અવધારીયેરે લાલ, પ્રભુજી કરૂણા નજર કરીને સેવક તારિયેરે લોલ. ॥ ૧ ॥ પ્રભુજી ભવ અટવીં દુઃખ દાવાનલને વારીયેરે લોલ. પ્રભુજી આલંબન આપીને દાસ ઉદ્ધારીયેરે લોલ૦ ॥ ૨ ॥ પ્રભુજી સમરથ સાહિબ જગમાં તું સુખકારણોરે લોલ પ્રભુજી અશુભ અનાદિના સંચિત તેહને વારણોરે લોલ૦ ॥ ૩ ॥ પ્રભુજી તુમ

વિના બીજા દેવ સરાગી નહી ગમેરે લોલ; પ્રભુજી સુરતરૂ અંબ છોડીને, નિંબે કોણ રમેરે લોલ૦ ॥ ૪ ॥ પ્રભુજી સજરાજેશ્વર પામી આનંદ અતિ ઘણોરે લોલ. પ્રભુજી ભવસાગર દુઃખ દૂર કરો સેવક તણોરે લોલ૦ ॥ ૫ ॥

ભદ્રેશ્વર મંડન શ્રી મહાવીર સ્તવન.

(કેશરીયા થાશું પ્રીત કીરે—એ દેશી)

ભદ્રેશ્વર સ્વામી વીર જિણંદા મોહે તારિયે વંદુ શિરનામી સેવક પાર ઉતારિયે; ભવ અટવીમેં ચેતન મેરા મોહ વસે ભટકાયો, ઉસસેં પ્રભુજી તેરા દરસન આજ લગી નહી પાયોરે ॥ ૧ ॥ પુણ્ય ઉદયસેં આજ પ્રભુજી, દરિસન તેરા પાયા દુરિત અનાદિ કાલકા સંચીત પલક મેં દૂર ગમાયારે ॥૨॥ આજ અમંદ આનંદ ભયો ઘટમે રોમ રોમ ઉલસાયા અબ જિનવરજી તારો તુમ સરણેમેં

આય રે ॥ ૩ ॥ તારક નામ ધરાય કે જગ ગુરૂ મુઝ પર કરૂણા કીજે, શાસન નાયક તીર્થપતિ તુમ ઇતના જસ અબ લીજે રે. ॥ ૪ ॥ તુમ બીન ઓર દેવ નહી સેવું, ટેક એસી મેં ધારી; દીવ દયાલ જગત પ્રતિપાલક તુમ દરિસન સુખકારીરે ॥ ૫ ॥ સર્વ તિર્થમેં સહજ રાજેશ્વર, જગતમાહી તુમ છાજે ભગસાગર કો દૂર હરો તો પ્રસાદ મંગળ ગાજેરે ॥ ૬ ॥ વિક્રમસંવત ઉન્નીસસે ઓર એક ઉણ એસી વરસે ચૈત્રવદી દ્વાદસી ગુરૂવારે પ્રભુગુણ ગાયા હરસેરો૭ા

ભદ્રેશ્વરસ્વામી, વીરજિણંદા.

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન.

(વીરા વેશ્યાના યારી ઉભા અટારી. એ દેશીમાં)

શંખેશ્વર સ્વામી અંતરયામી, તારો હો દીનદયાળ, વંદુ શિર નામી શિવ વિસરાગી, પારસનાથ કૃપાળ. (એ ટેક. આંકણી)

સુગતિ કારણ કુમતિ નિવારણ, ભવિજન
તારણહાર; પૂર્ણ પ્રતાપ પ્રસિદ્ધ પ્રભુજી, તું
જગમાં જયકાર રે. શંખે૦ ॥ ૧ ॥ આનંદ
આનંદ આનંદ ઉરમાં, ઉછળે અધિક અપાર;
જ્યોતિ સ્વરૂપી જગદાનંદન, દેખત તુમ
દેદાર રે શંખે૦ ॥ ૨ ॥ વૈતાઢ્ય ગિરિ પર
નમી વિદ્યાધર, નરપતિ સેવિત પાય;
નાગપતિ ધરણેંદ્રે પૂજિત, સેવક જન સુખ
દાયરે શંખે ॥ ૩ ॥ જરાસંઘ નૃપ જીતવારે
આ હરિ થયા સવધાન; તુમ મહિમા કહ્યો
તે સમેરે, અરિષ્ટ નેમિ ભગવાનરે. શંખે૦
॥ ૪ ॥ પાતાલથી બિંબ આણીને રે, તિર્થ
સ્થાપ્યો શુભ ઠામ, સ્નાત્ર જલે કરી જરા
નિવારી, થયો સજ સન તમામ રે શંખ૦
॥ ૫ ॥ દુર્જન શલ્ય નરપતિના તને,
વ્યાપ્યો, વ્યાધિ પ્રચુર; તુમ આરધના
સૂર્યથી સવિ રોગ તિમિર ગયો દૂરરે શંખે૦
॥ ૬ ॥ સંવત ઇગિયાર પંચાવન રે, શ્રેષ્ઠી
સજજન નામે; મહોચ્છવ સહિત પ્રભુને

સ્થાપ્યા, શંખેશ્વર શુભ ગામ રે. શંખે૦ ॥ ૭ ॥ કલિ કાળે અદૃશ્ય ચિંતામણિ, કામધેનુ કલ્પવૃક્ષ; તેઓના બદલે આપ ભાવિકને, વાંછિત દેવા પ્રત્યક્ષરે શંખે૦ ॥૮॥ રાજ્ય પુત્ર નેત્રાદિક અર્થીને, ચિંતિત સુખ દાતાર; સહજ રાજેશ્વર સાહિબા મુજ, કર ભવ સાગર પારરે. શંખે૦ ॥ ૯ ॥ વડ તપગચ્છ નાયક યુગ પ્રવર, શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ રાય- ઉગણીસ ઉગણાએંસી મારે, સાગર પ્રભુ ગુણ ગાયરે શંખે ॥ ૧૦ ॥

શ્રીઆદિનાથ સ્તવન.

[રાગ કેદારો]

તુમહો નાભિજીકે નંદ, શ્રીઆદિનાથ જિનંદસ્વામ ;તીન ભુવનકે ઇંદ. તુમહો ॥૧॥ સકલ મંગલ સુખકારી, સુભગ કમલા કંદ; મોહ મહીપત માન મોડન, તોડન અઘકે ફંદ, તુમહો૦॥૨॥ ભવ પાપ તાપ સંતાપ

વારણ, હરણહો દુઃખ દંદ; દીનબંધુ દયાલ જગમેં, તુમ ત્વનુ કૌન જિનંદ, તુમહો૦ ॥ ૩ ॥ પ્રથમદેવ યુગાદિ જગગુરૂ, પ્રથમનાથ મુનેંદુ પ્રથમદાતા પ્રથમભિક્ષુક, પ્રથમભૂપ યોગેંદુ તુમહો૦ ॥ ૪ ॥ પદ પંકજ જિનરાજજીકે. નમત સુર નર વૃંદ; હર્ષચંદ આણંદકારી, ભવિક કુમુદ વનચંદ તુમહો૦ ॥ ૫ ॥

શ્રીસિદ્ધાચલ તીર્થરાજ સ્તવન.

માતા મરૂદેવીનાનંદ, દેખી તાહરી મૂરતી મારૂ મન લોભાણુંજી; મારૂં દીલ લોભાણુંજી દેખી૦ (એ આંકણી.) કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચનવાન; ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ પાંચશે માન, માતા૦ ॥ ૧ ॥ ત્રિગડે બેઠી ધર્મ કહંતા સુણે પર્ખદા બાર, યોજન ગામિની વાણી મીઠી, વરસંતી જલધાર, માતા૦ ॥ ૨ ॥ ઉર્વશી

રૂડી અપચ્છરાને, રામા છે મન રંગ; પાયે નેપૂર રણઝણે, કાંઈ કરતી નાટારંભ, માતા૦ ॥ ૩ ॥ તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગ તારણહાર; તુજ સરીખો નહીં દેવ જગતમાં, અરવડીયા આધાર, માતા૦ ॥ ૪ ॥ તુંહિ ભ્રાતા તુંહિ ત્રાતા, તુહિ જગતનો દેવ; સુર નર કિન્નર વાસુદેવા; કરતા તુજ પદ સેવ માતા૦ ॥ ૫ ॥ શ્રીસિદ્ધાચળ તીરથ કેરો, રાજા ઋષભજિણંદ; કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવ ભય ફંદ, માતા૦ ॥ ૬ ॥

શ્રીઋષભજિન સ્તવન.

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડળ ગયાં દૂરરે, મોહન મરૂદેવીનો લાડણોજી, દીઠા મીઠા આનંદ પૂરરે, સમકિત. ॥ ૧ ॥ આયુ વરજીત સાતે કરમનીજી, સાગર કોડાકોડી હીનરે; સ્થિતિ પઢમ કરણે કરી

જી, વીર્ય અપૂરવ મોઘર લીનરે, સમકિત૦ ॥ ૨ ॥ ભુંગલ ભાગી આદ્ય કષાયનીજી, મિથ્યાત મોહની સાંકળ સાથરે; બાર ઉઘાડ્યાં શમ સંવેગનાજી, અનુભવ ભવને બેઠા નાથરે, સમકિત૦ ॥ ૩ ॥ તોરણ બાંધ્યું જીવદયા તણુંજી, સાથીઓ પુર્યો શરધા રૂપરે; ધૂપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાજી, ધીગુણ મંગળ આઠ અનૂપરે, સમકિત૦॥૪॥ સંવર પાણી અંગ પખાલણેજી, કેસર ચંદન ઉત્તમ ધ્યાનરે; આતમ ગુણ રૂચિ મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાનરે, સમકિત૦ ॥ ૫ ॥ ભાવ પૂજાએ પાવન આતમાજી, પૂજો પરમેશ્વર પુન્ય પવિત્રરે કારણ જોગે કારજ નિપજેજી, ખીમાવિજય જિન આગમ રિતરે, સમકિત૦ ॥ ૬ ॥

શ્રીઋષભજિન સ્તવન.

(રાગ ચલત)

રાખુંરે હમારા ઘટમેં, જિનરાજ નામ તેરા, રાખુંરે૦ (આંકણી) જાગે પ્રભાવ મેરા, અજ્ઞાનકા અંધેરા ભાગા ભયા ઉજેરા, રાખુંરે૦ ॥ ૧ ॥ સૂરતિ તેરી રાગે, દેખ્યાં વિભાવ ત્યાગે' અધ્યાત્મ રૂપ જાગે, રાખુંરે૦ ॥ ૨ ॥ મુદ્રા પ્રમોદકારી, ઋષભેશ જ્યોત તિહારી,લાગત મોહે પ્યારી, રાખુંરે૦ ॥ ૩ ॥ ત્રૈલોક્યનાથ તુમહી, હમહે અનાથ ગુનહી; કરિએ સનાથ હમહી રાખુંરે૦ ॥ ૪ ॥ પ્રભુજી તિહારી સાખે, જિનહર્ષસૂરિભાસે; દિલમાજ ચાહી રાખે, રખુંરે૦ ॥ ૫ ॥

શ્રીઋષભદેવ સ્તવન.

ભલે દીઠો દરસણ આજ ઋષભજિન તાહરો મોહનજી, તુંતો તારણ તરણ જહાજ અછે

પ્રભુ આહરો મોહનજી; નરક નિગોદ ભમત સહ્યાં દુઃખ અતિઘણાં મોહનજી, હવે અ યો તુમચે પાસ ગયાં દુઃખ મુજ તણાં મોહનજી ॥ ૧ ॥ જનમ નગર સુખકાર અજોધ્યા સુહામણો મોહનજી, વંસ ઈખ્ખાગ વડભાગ દીપત બહુ તુમતણો મોહનજી; માતા મરૂદેવાનોપુત્ર નાભિરાય લાડકો મોહનજી, કંચન વરણ શોભંત ધનુષ સય પાંચકો મોહનજી, એતો પ્રગટયો ધર્મનો કંદ જગત ગુરૂ વાલહો મોહનજી, આદિકરણ અરિહંત સહી તુમે સાચહો મોહનજી; લબ્ધિચંદસૂરીસ હરષભર ગાઇયો મોહનજી, તુમે શિવ નગરીનોવાસહવેજિનદીજીયો મોહનજી ॥ ૩ ॥

શ્રીસુપાર્શ્વનાથજિન સ્તવન.

(રાગ ગુજરી)

જિનપતિ અરજ સુણો જો કીજે, જો પ્રભુ આપ અગરજુ તો પણ; સેવક ગરજ કરીજે

જિનપતિ૦ અરજ સુણે. [એ આંકણી]
મો મન મંદિર રૂપ સોહત તું, રૂપરહિત સમરીજે; રૂપરહિત રૂપી મે આણું, એ મુઝમુજરો લીજે, જિનપતિ૦ ॥ ૧ ॥ જોરી કો તો થિરતા ઘો તો, જ્યો તુમ ધ્યાન ધરીજે; યોગ સમાધિ ચેતન સુખકર, સાંત સુધારસ પીજે, જિનપતિ૦ ॥ ૨ ॥ ઘો સુબુદ્ધિ જ્યો તુમ ગુણ સુણિને, હૃદય ધરી સમરીજે; તેમ કરી દરસણ દરસીજે, મો મન જેમ પતીજે ॥ ૩ ॥ રાય પ્રતિષ્ઠવર કુલ અવતરીયો, પુહવી માત ભણીજે; કર્મચંદ વાચકકું નિજ પદ, શ્રીસુપાસજિન દીજે જિનપતિ૦ ॥ ૪ ॥

શ્રીમહાવીરસ્વામી સ્તવન.

(તું પરમેશ્વર મેરો અજિત,—એ દેશીમાં)

અબ મોહે પાર ઉતારો હો વીર પ્રભુ,અબ૦ તુમ દરિસન સેં દુરગતિ નાસે, પાવે સુખ

શ્રીકારો હો વીર૦ ॥ ૧ ॥ લાખ ચોરાશી યોનીમેં નાચ્યો. નાટક વિવિધ પ્રકારો. દુઃખ ભરપૂર સંસાર સમુદ્રકો, હજુ ન આયો આરો હો વીર૦ ॥ ૨ ॥ તારક બિરૂદ ધરો તુમ સ્વામી; શરણ લહ્યાં મેં તુમારો; સમરથ દાતા દીનદયાનિધિ, વિનતિ દિલ અવધારો હો વીર૦ ॥ ૩ ॥ તુમ બિન ઔર દેવ નહિ ધ્યાઉં. પ્રભુ મેરા યહ નિરધારો; તુમ ગુન માચું શિવસુખ સાચું—યાચું જગદાધારાહો, વીર૦ ॥ ૪ ॥ સહજકલાનિધિ સમરથ સાહિબ, શાસનપતિ સુખકારો; સેવક સાગરકો પ્રભુ દીજે, મોક્ષગઢ મનોહારો હો વીર૦ ॥ ૫ ॥

૨

(તું પરમેશ્વર મેરા અજિતજિન-એ દેશીમાં,)

તુમ દરસનકું આયોહો વીરપ્રભુ, તુમ દરિસનકું આયો. મૂરતી જોતાં મન ઉલસાયો

હૃદય કમલ વિકસાયો; સમ સ્વભાવ આતમ ગુણ પાયો, ચરણ કમલ મન ભાયો, હો વીર૦ ॥ ૧ ॥ વિપત્તિ વિદારણ ભવિજન કેરી, જગમેં જબર કહાયો; સેવક ભવ દુઃખ હારો સાહિબ, અરજ કરનકું આયો હો વીર૦ ॥ ૨ ॥ જ્ઞાના નંદી શિવતરૂ કંદી, અનંત ગુણે કરી છાયો; શ્રીસહજકલાનિધિ ચરણુકો સેવક સાગરચંદ્ર ગુણ ગાયોહો વીર૦ ॥ ૩ ॥

શ્રી સીમંધરજિન સ્તવન.

[આવો જમાંઈ પ્રાહુણા જયવંતાજી એ—દેશી]

શ્રી સીમંધર વિચરતા ગુણવંતાજી, શ્રેયાંસરાયના નંદ જયવંતાજી; માતા જેહની સત્યકી ગુણ૦ કુલવંસ વિકસણ ચંદ જય૦ ॥ ૧ ॥ ભાર્યા સહુ ગુણ ધારતી ગુણ૦ રૂકમણી રાણી જાસ જય૦; લંછન પ્રભુને દીપતો ગુણ૦, વૃષભ મંગળ ગુણવાસ જય૦

॥ ૨ ॥ વિજય વસુ પુખલાવતી ગુણ૦, પુંડરીકા નગરી સાર જય૦ ચઉ કલ્યાણક તિહાં થયા ગુણ૦, ત્રિભુવન જન હિતકાર જય૦ ॥ ૩ ॥ એહ જાણી મન ઉલ્લસ્યો ગુણ૦ દેખણ તુમ દિદાર જય૦ દયા કરો મુજ દીજીયે ગુણ૦ નિત દરસણ કિરતાર જય૦ ॥ ૪ ॥ લબ્ધિ કમલ વિકસાવવા ગુણ૦ કલાનિધિ તું ભાણ જય૦; હર્ષ વિનય ભાવે કરી ગુણ૦, આપો અવિચળ નાણ જય૦ ॥ ૫ ॥

ભાવના

[રાગ વેલાવલ.]

તે દિન ક્યારે આવશે, શ્રીસિદ્ધાચલ જાશું ઋષભ જિણંદને પૂજવા, સૂરજકુંડમાં ન્હાશું તે૦ ॥ ૧ ॥ સમવસરણમાં બેસીને, જિનવરની વાણી; સાંભલશું સાચે મને, પરમારથ જાણી તે૦ ॥ ૨ ॥ સમકિત વ્રત

સૂધાં ધરી સદ્દગુરૂને વંદી; પાપ સરવ આ-
લોઇને, નિજ આતમ નિંદી તે૦ ॥ ૩ ॥
પડિક્કમણાં હોય ટંકના, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે તે૦
॥ ૪ ॥ વહાલાને વૈરીવિચ્ચે, નવિ કરશું
વેહેરો; પરના અવગુણ દેખીને, નવિ કરશું
ચેહેરો તે૦ ॥ ૫ ॥ ધરમ સ્થાનક ધન વા-
વરી, છકાયને હેતે; પંચમહાવ્રત લેઇને,
પાલશું મન પ્રીતે તે૦ ॥ ૬ ॥ કાયાની
માયા મેલીને, પરીષહને સહેશું; સુખ
દુઃખ સઘલાં વિસારીને, સમ ભાવે રહેશું
તે૦ ॥ ૭ ॥ અરિહંત દેવને ઓલખી, ગુણ
તેહનાં ગાશું; ઉદયરતન ઇમ ઉચ્ચરે, ત્યારે
નિર્મલ થાશું તે૦ ॥ ૮ ॥

શ્રી પદમ્.

પ્રભુ હું જેવો તેવો પણ તારો, મુજ
રંકને પાર ઉતારો. નાથ હું૦ ॥ ૧ ॥ જોગ

ધ્યાનને જપ તપ તીરથ, નાથ નથીરે ની-
પજતા; મનડું પાપી મારે કુદકા, ભગવત
તુજને ભજતા, નાથ હું૦ ॥ ૨ ॥ મદ્યપદ-
રીયે જીવ મત્સ મુંઝાણો, તૃષ્ણાને નથી
તજતો; સામો ભાળે કાળ ખડો પણ નક્ટ
નથી કાંઈ સજતો,; નાથ હું૦ ॥ ૩ ॥

શ્રીમહાવીરજિન સ્તવન.

આવિ મૂરતી મોહનગારી, ચીદાનંદ મ-
હાવીર તારી (૨) ચીદાનંદ મહાવીર
તારી આવી૦ ॥ ૧ ॥ રાગને વારી દ્વેષને મારી
(૨) કર્મ કટક ભવ રણ સંહારી, મુક્તિ
પુરી શણગારી આવી૦ ॥ ૨ ॥ કર્મ શું
કરશે ભર્મ શું કરશે (૨) પ્રભુ કરૂણા
કરશે તો ડરશે, મુજથી મોહ શિકારી આ-
વી૦ ॥ ૯ ॥ રોગ ન આવે શોક ન આવે
(૨) ચાર ચોરનું જોર ન ફાવે, સ્હાય થાય
જો તારી આવી૦ ॥ ૪ ॥ પામર પાળો

બીરૂદ સંભાળો [૨] એકવાર જો સનમુખ ભાળો, તો થાઉં લઘુ સંસારી આવી૦ ॥ ૫ ॥ પ્રભુતા ધારી પતિત ઉધારી [૨] સેવક સાંકળચંદ સુધારી અરજી લ્યો અવધારી આવી૦ ॥ ૬ ॥

શ્રી વિમલાચલ મંડન સ્તવન.

(ઓધવજી સંદેશો કેજો મારા૦—એ દેશીમાં.)

વિમલાચલના મંડન સાહિબ માહરા, અંતરયામી અવધારો ઉર વાતજો; વિશ્વેસર વાલેસર સવિ જગ જીવનો, તુજ વિના નહી બીજો જગ વિખ્યાત જો. વિમ૦॥ ૧ ॥ કલિકાલે વિષ પાંચ મલ્યા આ ભરતમાં, કૃષ્ણ પખ્ખી બહુ વક્ર જડા કહેવાયજો; હુંડા અવસર પીણી વલી જ્ઞાની વિરહ, પંચમ આરો કારજ કેમ સધાય વિમ૦ ॥ ૨ ॥ અલ્પ શ્રમણ બહુ મુંડા જિનવરે ભાખિયા કલહકરાને દમર કરા દેખાયજો; પંચ નિયંઠા

માંહે ક્ષમણા દો રહ્યા, બકુસ કુશીલ જિન-
શાસન વરતાયજો વિમ૦ ॥ ૩ ॥ આવા
દુસમ સમે મુજ જન્મ થયો વિભુ, કથની
શું ? કથવી જાણગ તુમે જિન ગયજો,
અલ્પમતિ મુજ તુજ આગમ અતિશય ગ-
હન, હીન સત્વની સિદ્ધિ સ્વામી સહાયજો
વિમ૦ ॥ ૪ ॥ સમરથ સાહિબ સરણાગત
વચ્છલ ધણી, અસરણ સરણ નોધારાના
આધારજો, સહજ રાજેશ્વરતા તુજ સઘલા
તીર્થમાં, સરણાગતને કર ભવસાગર પારજો,
વિમ૦ ॥ ૫ ॥ ઇતિ.

૨

(કેશરીયા થાશું પ્રીત કરીરે રૂડા ભાવસું- એદેશીમાં)

સિદ્ધાચલ સ્વામી ઋષભજિણંદા મોહે
તારિયે, વંદુ શિરનામી દીનદયાલ દુઃખ
વારિયે વિમલાચલ ધામી વિનતિ એ અવ-
ધારયે (આંકણી) લાખ ચોરાસી યોની

ભમતા, કાલ અનંત ગમાયો; ચારગતિના દુઃખ દરિયાનો, હજુન આરો આયોરે સિદ્ધા૦ ॥ ૧ ॥ પૂરવ પુન્ય ઉદયના યોગે, ઉત્તમ નરભવ પાયો; વિષય વિકાર વિલુધો વિભુજી, અવસર એલે ગમોયોરે સિદ્ધા૦ ૨ મમતા મોહ માયા મદમાતો, પંચ પ્રમાદે રમિયો; પર પરિણતિસું પ્રેમ કરીને, ચેતન નિજગુણ ગમિયોરે સિદ્ધા૦ ॥ ૩ ॥ ચાર ચોરટા કષાય નામે, મુજ પુઠે પ્રભુ! ધાવે; તેથી રાચ્યોપર પુદગલમાં, ચાહ હજુ નહી જાવેરે સિદ્ધા૦ ॥ ૪ ॥ શુભ પરિણતિના ઉદય યોગથી, જિનવર દરિસન પાયો; અપુરવ આનંદ પ્રગટયો ઘટમે, કિમ કરતે ન સમાયોરે સિદ્ધા૦ ॥ ૫ ॥ રોમ રોમ હર્ષિત થઈ કાયા, જેમ જેમ નિરખુ ધારી; પ્રમોદ વચનાતીત અગોચર, પ્રભુ દરિસને સુખકારીરે સિદ્ધા૦ ॥ ૬ ॥ ધન્ય આતમ મુજ પ્રભુ ગુણ લીનો, જન્મ કૃતારથ આજે; ધન્ય ઘડી વેલા શુભ ઉદય, સફલ થયો

ચિત્ત ગાજેરે ।સ૦ ॥ ૭ ॥ સંવત્ ઉગણીશ અઠ્ઠોત્તેરના, ચૈત્રી પૂનમ દિવસે; તીર્થરાજને ગાતા ધ્યાતા, પ્રણમંતા ચિત્ત ઉલ્લંસેરે સિ૦ ॥ ૮ ॥ વડતપગચ્છ નાયક ગુણી પ્રવરો, (શ્રી) ભ્રાતૃચંદ્ર સૂરિરાય; ભવસાગરથી પાર કરો મુજ, આદિદેવ મહારાયરે સિદ્ધ૦ ॥ ૯ ॥

શ્રી અજિતજિન સ્તવન.

(શું કહું કથની મારી રાજ - એરાગ.

તુમ શરણે અમે આવ્યા દેવ તુમ શરણે અમે આવ્યા, સાર કરો જિન રાય દેવતુમ શરણે અમે આવ્યા (એ આંકણી૦) અજિત જિનેશ્વર વિશ્વ સુહંકર આશ્રિત જન દુ:ખ હરણા વંશ ઇક્ષ્વાગે પાપ તિમીરહર દાસકો દિલમે ધરણા દેવતુમ શરણે૦ ॥ ૧ ॥ માતા વિજયાએ કુલરાયા નૃપ જિત શત્રુકુલજાયા કંચન વરણી દીપે કાયા અયોધ્યા પુરીનો

રાયા દેવ. તુમશરણે. ॥ ૨ ॥ સાડા ચારસે ધનુષ્યની કાયા ગજ લંછન સોહાયા બહુ-તેર લાખ પૂરવનુ આયુસ સમ્યેતે શિવપુર પાયાદેવ. તુમ શરણે. ॥ ૩ ॥ સેવક વલ વલતો સંસારે સ્વામી સાનિધ કરીએ દીન દયાલ જગત પ્રતિ પાલક ભવસાગર ગદ હરિએદેવ. તુમ શરણે૦ ॥ ૪ ॥ ઉગણીશશે એઠાતેરના શુભ શ્રાવણ સુદિ મનોહારી, પડવા મંગલે પ્રભુજી ભેટયા કલ્યાણ મંગ-ળકારીદેવ. તુમ શરણે. ॥ ૫ ॥ વડ તપ ગચ્છ નાયક ગુણ દરિઆ શ્રી ભ્રાતૃચંદ સુરિ રાયા અજીત જીનેંદ્રના વિરમગામે સાગર-ચંદ્ર ગુણ ગાયાદેવ. તુમ શરણે. ॥ ૬ ॥

૨

(શું કહુ કંથની મારી રાજ—એ રાગ.)

અજિત જિનેશ્વર સેવો મીત્ત અજિત જિનેશ્વર સેવો, દેવ નહી કોઈ એવો મીત્ત

અજિત જીનેશ્વર સેવો (એ આંકણી૦) નાથ-ની[1]રંજન ભવદુખ ભંજન [2]વિઘ્ન વિદા-રણ સ્વામી, અધમ ઉદ્ધારણ શિવસુખ કારણ સેવા પ્રભુની પામી, મીત. અજિત૦ ॥ ૧ ॥ [3]ભવ અટવીમાં ભાગ્ય જોગેએ [4]સાર્થવાહ ગુણ [5]ધામી, પામી એવા પ્ર-ભુજીને તું, છોડીશ નહીં [6]ગુણરામી, મીત. અજિત૦ ॥ ૨ ॥ પ્રભુની સેવા છે સુખદાઈ કપટ રહિત થઇ કરીએ, કર્મ અનાદિના જે દુખદાઇ તેહને દૂરે હરિયે મીત. અજિત૦ ॥ ૩ ॥ શાંત સુધારસ [7]વહતિ [8]સૂરતિ,

---

(૧) નિરંજન કર્મરૂપ મેલથી રહિત (૨) વિઘ્ન અંતરાય (૩) ભવ અટવીમાં સંસારરૂપી જંગલમાં (૪) સાર્થવાહ મુસાફરના સમુદાયનો અધિપતી રસ્તામાં સર્વને સંભારીને લઇ જનાર. (૫) ગુણ-ધામી ગુણનો ભંડાર. (૬) ગુણરામી ગુણમાં રમણ કરનાર. (૭) વહતિ ઝરતી. (૮) સૂરતિ આકૃતિ અથવા આકાર.

મૂરતી પ્રભુની નીરખી, રોમ રોમ આનંદ ભર્યો પ્યારે, શીતલ ચંદ્રમા સરખી મોત. અજિત૦ ॥ ૪ ॥ દીનાનાથ ઉદ્ધારો મુજને આશધરી રહું તારી, પાર કરોને સહજ રાજેશ્વર ભવસાગરથી ઉતારી મીત્ત. અજિત૦ ॥ ૫ ॥ વડ તપગચ્છ નાયકયુગપ્રવરા શ્રી પાર્શ્વચંદ્ર સૂરીંદ્ર, શ્રી ભ્રાતૃચંદ્ર સૂરીશ્વર સેવો પુરે મુનિ સાગરચંદ્ર મીત. અજિત૦॥૬॥

શ્રી પદ્મપ્રભજિન સ્તવન.

(સંભવ જિનવર વિનતી અવધારો—એ દેશીમાં.)

પદમ પ્રભ જિનરાજજી, સેવકને સુખકારીરે; દાસ પોતાનો જાણીને, સાર કરો ઉપગારીરે. પદમ૦ ॥ ૧ ॥ માત સુસીમા ઉરસરે, હંસ સમો મુઝ દેવરે; શ્રી ધર નૃપકુલ દિન મણિ, સુરનર કરે જસ સેવરે. પદમ૦॥૨॥ કૌસંબી પુરી જનમ્યા વિભુ, અઢીસે ધનુ- ષની કાયારે; વિદ્રુમ વરણે શોભતિ, બાલ

રવિતનુ છાયારે. પદ્મપ્ર૦ ॥ ૩ ॥ લંછન કમ-
લહી દીપતા, મંદર ગીરીવર ધીરરે; ત્રીસ
લાખ પૂરવ સ્થીતી, સાગર જેમ ગંભીરરે.
પદ્મપ્ર૦ ॥ ૪ ॥ સમ્મેત ગિરીયે સિધ્ધે ગયા,
સેવક સુખદાધારરે; સહજ રાજેશ દયાલતું,
કર ભવસાગર પારરે. પદ્મપ્ર૦ ॥ ૫ ॥

શ્રી શાંતિજિનેશ્વર સ્તવન.

(વિદેશી કાપડ છોડો, સ્વદેશી કાપડ૦–એ દેશી.)

મંગલ મૂરતિ વિભુની, કલ્યાણકારી પ્રભુની;
શાણા સજજન શાંતિ સ્વામી સેવીયે. (એ
આંકણી) શાંતિ પ્રભુની સેવા, આપે તે
શિવ સુખ મેવા. શા૦॥ ૧ ॥ પારેવો શરણે
આવ્યો, સ્વદેહ દેહ બચાવ્યો, શા૦ ગર્ભે
મારી નિવારી, શાંતિ જગ વિસ્તારી શા૦
॥ ૨ ॥ હરિ ભયે મૃગલો ડરિયો, ત્રિન
ખાને ધરિયો; શા૦ એવા દીન દયાલા, સ-
રણાગત પ્રતિપાલા. શા૦ ॥ ૩ ॥ વિશ્વસેન

કુલ જાયા, જસ અચિરા દેવી માયા; શા૦ જગ વચ્છલ જગ ભાયાં, પુરવ પુન્યે પાયા. શા૦ ॥ ૪ ॥ સોળમા જિનવર રાયા, પંચમ ચક્રી કહાયા; શા૦ ચાલિસ ધનુષની કાયા, કંચનવરણી છાયા. શા૦ ॥૫॥ દુઃખ દાવાનલ હરવા, સાનિધ શિવ સુખ કરવા; શા૦ સહજ રાજેશ્વર વરવા, ભવસાગરને જટ તરવા. શા૦ ॥ ૬ ॥

શ્રી મહાવીરજિન ચૈત્યવંદન.

શાસન નાયક પ્રાણમિએ, મંગલિક મૂર્તિ આજ; નયણ કમલ મુઝ વિકશિયા, દીઠા શ્રીજિનરાજ. ॥ ૧ ॥ તીર્થંકર શ્રી વર્દ્ધમાન, મહાવીર અરિહંત; તુઝ આણા નિજ શિર ધરૂં, ભય ભંજન ભગવંત. ॥ ૨ ॥ તુજ આણા આરાધતા, સંકટ સઘળાં જાય. નિશ્ચે એ મુઝ મન વિષે, અવધારો જિન રાય. ॥ ૩ ॥ તુઝ આણાને સેવતા, તરિયા જીવ

અનેક; તરસે ભાવિ કાલમાં, પામી આણુ વિવેક. ॥ ૪ ॥ કરૂણા કર કરૂણાનિધિ, દીનાનાથ દયાળ; અવર કોઇ તુઝ સમ નહિ. સેવક જન પ્રતિપાલ. ॥ ૫ ॥ આતમ તારક જાણિને, ચરણ ગ્રહ્યા તુઝ દેવ, તારો મુઝ આતમ પતિ, અહોનિશ કરૂં તુજ સેવ. ॥ ૬ ॥ સહજ રાજેશ્વર જગ ગુરૂ, સેવક દુઃખ દલનાર; સ્વયંભૂ રમણ સાગર ગુણી, તુઝ ગુણ ન લહુ પાર. ॥ ૭ ॥

શ્રી પર્યુષણ પર્વનું સ્તવન.

(રાગ શુ કહુ કથની મારી રાજ–એ રાગ)

પર્વ પજોસણ સેવો હોમિત્ત, પર્વ પજોસણ સેવો; પર્વ નહી કોઇ એવો હોમિત્ત, પર્વ પજોસણ સેવો; (એ આંકણી.) સર્વ પર્વમાં મોટો શ્રી પર્વ, ભાદરવા સુદ પંચમી; શ્રી તીર્થંકર ગણધરે ભાખી, પુછે ભવીક નર નમી. હોમિત્ત૦ ॥ ૧ ॥ દ્રવ્ય ભાવથી પૂજા

પ્રભુની, શુભ કરણી સુખદાઈ; સત્તર ભેદી પુજા કરતા, સુરવર મન ઉલસાઈ હોમિત્ત૦ ॥ ૨ ॥ નંદીશ્વર વર આઠમા દ્વિપે, સુરવર જાય ઊમંગે; શાશ્વતા બાવન જિનાલયનો, ઓચ્છવ કરે મન રંગે. હોમિત્ત૦ ॥ ૩ ॥ જેમ સુરવર તેમ નરવરને પણ, આગમે પૂજા પ્રકાશી; લોકાલોક પ્રકાસક ભાસક, જગજન તારકે ભાખી. હોમિત્ત૦ ॥ ૪ ॥ કુમતી કુટીલતાને પર હરજો, ધ્યાન પ્રભુનુ ધરજો; વીતરાગ દસાની મૂરતી, પામી પૂજન કરજો હોમિત્ત૦ ॥ ૫ ॥ નાગકેતુએ ભાવ પૂજાથી, કેવળ જ્ઞાનને સરજ્યું; શ્રેણીક નરપતી વીર આરાધી, તીથકર પદ સરજ્યું. હોમિત્ત૦ ॥ ૬ ॥ પર્વ દિવસમાં ભાવ ધરીને, ધર્મ કરણી ચિત્ત ધારો; સહજ રાજેશ્વર સેવી પામો, ભવસાગરનો પારો. હોમિત્ત૦ ॥ ૭ ॥

૨

(રાગ શુ કહુ કથની મારી રાજ—એ રાગ)
પર્વ પજોસણ આયા હોમિત્ત, પર્વ પજોસણ આયા; આનંદ સૌને સવાયો હોમિત્ત, પર્વ પજોસણ આયા, (એ આકણી.) પ્રેમ ધરીને પર્વ આરાધો, ઉત્તમ નરભવ લાધો; ગુરૂ ગમ આગમ સાંભલી સાધો, આતમ ગુરૂથી વાધો. હોમિત્ત૦ ॥ ૧ ॥ પોસહ કરીએ ધ્યાનજ ધરીએ, માયા દૂર પરહરીએ સામાયક શુભ ભાવે કરતા, સંવર નિજ ગુણ વરીએ હોમિત્ત૦॥ ૨ ॥ જીવદયા ધરી જુઠને પરહરી, દૂર કરે શ્રાવક ચોરી; પાળે બ્રહ્મચર્ય ધર્મનો ધોરી, પરીગ્રહ મમતા છોડી. હોમિત્ત૦ ॥ ૩ ॥ દોષ ઘણાનો પોષણ કારણ રાત્રી ભોજન ત્યાગો; જગ તારક જિનરાજે ભાખ્યું, સામે મારગ લાગે. હોમિત્ત૦॥૪॥ ભાદરવા સુદી પંચમી દિવસે, પર ખમાવી આપ ખમીયે. ॥ ૫ ॥ સંવચ્છરી પ્રતિક્રમણ કરતા, અતીચાર દોષ ગમીયે. હોમિત્ત૦॥૫॥

નાગકેતુની પરે અઠમ તપને, ત્રીકરણ શુદ્ધ કરીએ; ખમત ખામણા સંઘે સંગાથે, કરતા વૈર ન ધરીયે. હોમિત્ત૦ ॥ ૬ ॥ શ્રીપર્વ શ્રી જિન આણાએ સેવી, ગડરી પ્રવાહને છોડી; ભવ સાગરને તરતજ તરીએ, શિવ સુખ વરીયે દોડી. હોમિત્ત૦ ॥ ૭ ॥

ચોવીશ જિનરાશિનું ચૈત્યવંદન.

(ત્રોટક છંદ.)

પ્રતિબોધક મલ્લિ શ્રી શાંતિ સદા, નમિ રાશિ લહો શુભ મેષમુદા; અજિત પ્રભુ કુંથુ જિનેશ્વરની, વૃષભં લહો રાશિ જિનદ્વયની. ॥ ૧ ॥ અભિનંદન સંભવની મિથુને, કહિ કર્કસુ ધર્મની રાશિ સુને; સુમતિ શુભ સિંહ સમાનવિભુ, મહાવીર સુનેમજી પદ્મપ્રભ. ॥ ૨ ॥ જિન એ ત્રણની કહિ કન્યકયા, તુલ રાશિ સુપારસ પાર્શ્વ થયા; જિન અષ્ટમ વૃશ્ચક રાશ ભલી, સુવિધ

અરૂ શીતલ નાથ વલી. ॥ ૩ ॥ પ્રથમેશ્વર એ જિન ત્રૈણુતણી, ધનરાશિ કહિ ગુણવંત ભણી; મુનિસુવ્રત શ્રેયસુયંસ નમું, મકરે લહી રાશિ જિનં પ્રણમું. ॥ ૪ ॥ વસુ પૂજ્યની રાશિ સુકુંભ ભલી, અરનાથ અનંત સુવિમલ મલી; શુભ મીનતણી પ્રભુરાશિ કહી, ચઉવીશ જિનેશ્વર શ્રેય લહી. ।૫।

શ્રીજિનેંદ્ર ચૈત્યવંદન.

જીવડા જિનવર પૂજીયે, જિન પૂજયાં સુખ થાય; દુખ દોહગ દૂરે ટલે, મનવંછિત ફલદાય. ॥ ૧ ॥ જ્ઞાનાવરણી ક્ષય કરી, દર્શનાવરણી કર્મ; વેદની કર્મ દૂરે કરી, ટાલ્યું મોહની કર્મ. ॥ ૨ ॥ નામકર્મ ને આયુકર્મ ગોત્રકર્મ અંતરાય; અષ્ટકર્મ તે એણીપરે, દૂર કર્યાં મહારાય. ॥ ૩ ॥ દોષ અઢારે ક્ષય ગયા, અને પ્રગટયા ગુણ અનંત; અંતરંગ સુખ ભોગવો, નિશ્ચલધીર મહંત. ॥ ૪ ॥

ત્રણભુવનમાં તું વડો, તુઝ સમ અવર ન કોય; ઇંદ્ર ચંદ્રને ચક્રવા, તુઝ પદ સેવે સોય ॥ ૫ ॥ પૂજા કરતાં પ્રાણીયા, પોતે પૂજનીક હોય; આભવ પરભવ સુખ ઘણા, તસ તોલે નહિ કોય. ॥ ૬ ॥

શ્રીસિદ્ધચક્રજિન ચૈત્યવંદન.

આજ સફલ દિન માહરો, જન્મ કૃતારથ આજ; મેં ભેટયા ભવભયહરણ, સિદ્ધચક્ર મહારાજ, ॥ ૧ ॥ અરિહંત સિદ્ધ સૂરિવરા, વાચક મુનિ સુખકાર; સમ્યગ દરિસણ જ્ઞાન ચરણ, તપ નવપદ મનોહાર. ॥ ૨ ॥ બાર આઠ છત્તિસ ગુણ, પચવીસ સત્યાવીસ; પરમેષ્ઠી પદ પાંચકા, ગુણ સમરો નિશદિશ. ॥ ૩ ॥ સડસઠ એકાવન કુનિ, સિત્તેર ઓર પચાસ; ભેદ ભલીપરે ધ્યાવતા, દરિસન આદિ વિકાશ. ॥ ૪ ॥ શ્વેત રક્ત પીત નીલ શ્યામ, વર્ણ પંચ પદ

ધાર; ઉજવલ વર્ણે ધ્યાઇયે, દરિશનાદિક પદ ચાર ॥ ૫ ॥ મંડલકી રચના રચી, અપૂરવ અતિ મનોહાર; ધર્મ ઉદય હૃદયે ભયો, શિવ સુખકો કરનાર. ॥ ૬ ॥ સિદ્ધચક્ર મંડલ કમલ, ધ્યાવે ધ્યાન ઉદાર; ભવ પાતકકો દૂર કર, કરે આતમ ઉદ્ધાર. ॥ ૭ ॥ સિદ્ધચક્રકે ધ્યાનસેં, દુખ દોહગ મીટ જાય; સુખ સંપત ઘટમે વધે, આતમ ગુણ વિકસાય. ॥ ૮ ॥ શુદ્ધ ભાવસેં ધ્યાવતા, અનુભવ પદ દાતાર; સહજ કલાનિધિ વંદના, ભવસાગર હરનાર. ॥ ૯ ॥ ઇતિ.

શ્રીજ્ઞાન બહુમાન ચૈત્યવંદન.

સકલ વસ્તુ પ્રતિભાશ ભાનુ નિરમલ સુખ કારણ, સમ્યગ દર્શન પુષ્ટિ હેતુ ભવજલ નિધિ તારણ; સંયમ તપ આનંદ કંદ અજ્ઞાણ નિવારણ,

માર વિકાર પ્રચાર તાપ તપિત જન ઠારણ. ॥ ૧ ॥ સ્યાદ વાદ પરિણામ ધર્મ પરણતિ પડિબોહણ, સાહુ સાહુણી સંઘ સર્વ આરાધન સોહણ; મોહ તિમિર વિધ્વંસ સૂર મિથ્યાત્વ પણાસણ, આતમશક્તિ અનંત શુદ્ધ પ્રભુતા પરગાસણ. ॥ ૨ ॥ મતિ શ્રુત અવધિ વિશુદ્ધ નાણ મણપજ્જવ કેવલ, ભેદ પચાસ ક્ષાયોપશમિક એક ક્ષાયિક નિરમલ; દોય પરોક્ષ પ્રથમ તિહાં દુગ પ્રત્યક્ષ દેશત; સકલ પ્રત્યક્ષ પ્રકાશ ભાસ ધ્રુવ કેવલ અપરિમિત. ॥ ૩ ॥ ધર્મ સકલનો મૂલ શુદ્ધ ત્રિપદી જિન ભાષે, બારહ અંગ પ્રધાન ખંધ ગણધર સુપ્રકાશે; શાખા શ્રી નિર્યુક્તિ ભાષ્ય પડિશાખા દીપે, ચુરણી ટીકા પત્ર પુષ્ફ સંશય સવિછીપે. ॥ ૪ ॥ એ પંચાંગી સાર બોધ કહ્યો પંચમ અંગે, નંદી અનુયોગદ્વાર સાખ માનો મનરંગે; વીર પરંપર

જીત સાર અનુભવ ઉપગારી, અભ્યાસો આગમ અગમ નિરૂપમ સુખકારી. ॥ ૫ ॥ મોહ પંકહર નીર સમ સિદ્ધાંત અબાધ, દેવચંદ્ર આણા સહિત નય ભંગ અગાધ; એ શ્રુતજ્ઞાન સોહામણો, સકલ મોક્ષ સુખ કંદ; ભગતે સેવો ભવિકજન, પામો પરમાનંદ. ॥ ૬ ॥ ઇતિ

શ્રીસિદ્ધચક્ર ચૈત્યવંદન.

સિદ્ધચક્ર પ્રણમું મુદા, પરમાણંદ પ્રકાશ; આલંબનથી ઉપજે, આત્મજ્યોતિ ઉલ્લાસ. ॥ ૧ ॥ ચિત્તસમાધિ કારણું, ધ્યાતા ધ્યાન વિકાશ; સિદ્ધચક્ર આરાધતાં, પામે શિવપદ વાસ. ॥ ૨ ॥ અવસર પામી સેવતા, ગુણગણનો આવાસ; ભવસાગરથી તારજો, ભવોભવ હું તુમ દાસ. ॥ ૩ ॥

શ્રીપરમેષ્ઠી ચૈત્યવંદન.

બારગુણે અરિહંત દેવ, પ્રણમિજે ભાવે; સિદ્ધ ગુણ આઠે સમરતા, દુઃખ દોહગ જાવે ॥ ૧ ॥ આચારજ છત્રિશ ગુણે, સોહે અતિ સુખકાર; ઉપાધ્યાય પચ્ચીસ ગુણે, પ્રણમંતા જયકાર. ॥ ૨ ॥ સાત વિસ ગુણે મુનિવરૂએ, આઠ અધિકશત ધાર; પરમેષ્ઠી ગુણે ધ્યાવતા, કરે ભવ સાગર પાર ॥ ૩ ॥

શ્રીમલ્લિનાથનું ચૈત્યવંદન.

આજ શુભોદય માહરો, ભેટયા શ્રીભગવંત; વંદન કરૂં હું ભાવશું, મલ્લિનાથ ગુણવંત. ॥ ૧ ॥ પાપ તિમિર અલગા થયા, શરણે આવ્યો આજ; કરૂણાનિધિ કરૂણા કરી, તારો ગરિબનિવાજ. ॥ ૨ ॥ યોગક્ષેમંકર સાહિબાએ, આત્મતણા આધાર; તુજ ગુણ સાગર સમ કહ્યા, કોઇ ન પામે પાર. ॥ ૩ ॥

શ્રીનેમિનાથનું ચૈત્યવંદન.

ગિરનારે શ્રીનેમિજિન, બાલબ્રહ્મચારી, યોગીશ્વર તુજ ધ્યાનથી, પામે શિવનારી. ॥ ૧ ॥ વંદન પૂજન પ્રભુ તણો, ભવો ભવ સુખકારી; અષ્ટ મહા ભય દૂર હરે, મહિમા જસ ભારી. ॥ ૨ ॥ હું તુજ શરણે આવિઓએ, ભવસાગરથી તાર; સેવક વંછિત કલ્પતરૂ, ધરિઓ હૃદય મઝાર. ॥ ૩ ॥

(૨)

સમુદ્રવિજય કુલચંદ નંદ, શિવાદેવી જાયા, યાદવ વંશ નભોમણી, સૌરીપુર ઠાયા ॥ ૧ ॥ બાલ થકી બ્રહ્મચર્ય ધર, ગત મ ર પ્રચાર; ભોક્તા નિજ આત્મિક ગુણ, ત્યાગી સુખકાર. ॥ ૨ ॥ નિઃકારણ જગ જીવનો એ, આશાનો વિસરામ; દીન દયાલ શિરો· મણી, પૂરણ સુરતરૂ કામ. ॥ ૩ ॥ પશુ પોકાર સુણી કરીએ, છાંડી ગૃહસ્થા વાસ; તતખિણ સંજમ આદરિ કરી કર્મનો નાશ

॥ ૪ ॥ કેવલ શ્રી પામી કરિએ, પોતા મુગતિ મઝાર; જન્મ મરણ ભય ટાલિને, કર ભવસાગર પાર. ॥ ૫ ॥ ઇતિ.

શ્રીપાર્શ્વનાથ ચૈત્યવંદન

પ્રેમે પ્રણમું પ્રહસમે, પાર્શ્વજિનેશ્વરદેવ, સુરતિ શાંતિ દાયિની, અહનિશ કરૂં તસ સેવ. ॥ ૧ ॥ શાંત સુધારસ ઝીલતી, મુદ્રા મોહનગારી, આણુ વહુ પ્રભુ તાહરી, કર ભવજલપારી. ॥ ૨ ॥ તુજ મૂરતિ મન રતિ કરે, શાસ્વતા સુખની એહ; અશ્વસેન વામા કુળે, નભ મણી ગુણ મણી ગેહ ॥૩॥ જગ ચિન્તામણી જગ ગુરૂ, જગ બંધવ જગ ભાણ; સેવક ઉદ્ધરી આપનો, કરજો આપ સમાન. ॥ ૪ ॥ સાયર દેખી ચંદ્રને, ભરતિ કરી મકલાય; સહજ કલાનિધિ આપને, નિરખી ચિત્ત હરખાય ॥૫॥ ઇતિ

(૨)

જય જય જગદાનંદન પ્રભુ, જગગુરૂ જગદાધાર; જગ બંધવ જગ સત્થવાહ, જગ જન તારણહાર. ॥ ૧ ॥ શ્રીશંખેશ્વર સાહિબા, સામલિયા સુખકાર; ચિંતિત ચિંતામણી ધણી, સેવકશિવ દાતાર ॥ ૨ ॥ સ્વામિ શરણે આવિઓએ, શરણાગત સાધાર; શાંતસુધારસસાગરં, વંદું વારંવાર.॥૩॥

શ્રીમહાવીરસ્વામીનું ચૈત્યવંદન.

બારગુણે શોભિત છે. જગમાં તું જિનરાય; વર્ધમાન પ્રભુ વંદતા, કંચન વરણી કાય. ॥ ૧ ॥ પ્રાતિહાર્યેથી દીપતાં, સહજ અતિશય ચાર; અગિઆર પ્રગટે કર્મક્ષયે, ઓગણિશ સુરકૃત ધાર. ॥ ૨ ॥ ચોત્રિશ અતિશયે શોભતાં, વાણી ગુણ પાંત્રિશ; અનંત ચતુષ્ટય સંપદા, પામ્યા શ્રી જગ-

દીશ. ॥ ૩ ॥ નિજગુણમાં રમતા સદાએ, શાશ્વત સુખમાં લીન; ગુણ સાગર પ્રભુ તારજો, સેવક શરણાધીન. ॥ ૪ ॥

(૨)

આજ શુભોદય માહરો, કરૂણાનિધિ દીઠા; આનંદ ઉરમાં ઉછલ્યા, કર્મ ગયા ધીઠા. ॥ ૧ ॥ અહો પ્રભુ મુદ્રા પેખતાં, શાંતરૂપ સુખકાર; ભાવ વીર મુજ સાંભરે, અનંત-ગુણ ભંડાર. ॥ ૨ ॥ ચિત્ત સમાધિ કારણે એ, પ્રભુ તુજ ધ્યાન આધાર; અવ્યાબાધ સુખદાયકં, ભવસાગર હરનાર. ॥ ૩ ॥

(૩)

શ્રીવીરજિનેશ્વર વંદિયે, શાસનપતિ જિન-રાય; વિઘ્ન સમુહ દૂરે ટલે, જેના ચરણ પસાય. ॥ ૧ ॥ ધ્યાન ધરૂં એક આપનું, અવર ન માનું આણ; ભવ ભવ ભમતા

પામિઓ, ચરણકમલ જગભાણ ॥ ૨ ॥ આનન આનંદિત સદાએ, સોવનવર્ણ શરીર; બહુતેર વર્ષ આયુ પ્રભુ, પામ્યા ભવોદધિ તીર ॥ ૩ ॥ પંચાનન લંછન ભલું સાત હાથ તનુ માન; સિદ્ધારથ નૃપ કુલ તિલક, ત્રિશલા સુત ભગવાન. ॥ ૪ ॥ અશોકવૃક્ષ સુરપુષ્પવૃષ્ટિ દિવ્યધ્વનિ ચામર; સિંહાસનવર ભામંડલ, દુંદુભિ છત્ર સુખકર. ॥ ૫ ॥ પ્રાતિહારજ આઠ એ, સુરવર કૃત જાણ; ભાવ તીર્થંકરપણે સદા, નિર્મલ કેવલનાણ ॥ ૬ ॥ અપાયઅપગમ અતિશય, વળી પૂજાતિશય; જ્ઞાનાતિશયે શોભતા, વચનથી કરે નિર્ણય. ॥ ૭ ॥ બાર ગુણે જગ જીવના, અંતર અઘ મલ હરે; અવ્યય પદ અર્થી સદા, સેવે ગુણ સાગર.॥૮॥ઇતિ.

શ્રીપર્યુષણાપર્વનું ચૈત્યવંદન.

અરિહંત ઉપકારી પ્રભુ, સકલ જીવ સુખ-કાર; શાસનપતિ ચોવીસમા, ભવોદધિ તારણહાર. ॥ ૧ ॥ શ્રીમહાવીર જિનેશ્વરે, ભાખ્યો ભવિ હિતકાર; સર્વ પર્વમાં શ્રેષ્ઠ-તમ, પર્વ પજ્જુસણ સાર. ॥ ૨ ॥ અહો શ્રીવીર દયાલુતા, રક્ષા નિમિત્ત ષટ્ કાય; ભાદરવા શુદિ પંચમી, પર્વ પજ્જુસણ હોય. શ્રીજિન વીરે આદર્યું, ગણધર તેહિજ ધાર; આચારજ ઉવજ્ઝાય મુનિ, વરતી લહે ભવપાર. ॥ ૪ ॥ ત્રણે લોકની સંપદા, જેમ કોઈ લહી હરખાય; પ્રભુ આજ્ઞાથી નિકટ ભવિ, અધિક આનંદિત થાય. ॥ ૫ ॥ નિ-મિત્તવાસી જીવડો, અશુભ નિમિત્ત ભટ-કાય; શુભ નિમિત્ત પામી કરી, ચેતન સુ-ખીઓ થાય. ॥ ૬ ॥ ત્રણે કાલ આરાધતા, ધ્યાતા ધ્યેય સ્વરૂપ; પ્રગટે સાગર સમ ગુણો, ચિદાનંદ ઘનરૂપ. ॥ ૭ ॥ ઇતિ.

શ્રીઅષ્ટાપદતીર્થરાજ સ્તવન.

(તું પરમેશ્વર મેરા અજિતજિન, તું પરમેશ્વર–એ દેશી.)

અષ્ટાપદ નિત્ય વંદો હો ભવિ તુમે, અષ્ટાપદ નિત્ય વંદો (એ આંકણી) અષ્ટાપદ તીરથકો મહિમા. કહેતાં નાવે પાર; ભરત નરેશ્વર એ તીરથવર, સ્થાપ્યો ભવ્ય ઉદ્દાર હો; ભવિ૦ અષ્ટા૦ ॥ ૧ ॥ સુવર્ણમય એ તીરથ સોહે, આઠ પાવડીયાં ધાર; બત્રીશ કોષકો ઉંચો દિસે, દરશને દુખ હરનાર હો વ૦ અષ્ટા૦ ॥ ૨ ॥ ચોવીસ તીર્થંકર માન વરણધર, સમનાસા સુખકાર; ઇણ ગિરિવરપર રિસહજિણેશ્વર, પામ્યા શિવ સુખ સાર હો; ભાવ૦ અષ્ટા૦ ॥ ૩ ॥ ચક્રી સગર સાઠ સહસ પુત્રોને, રક્ષા કરી હિતકાર; જન્મ પૂરણ કરી સ્વર્ગે સિધાવ્યા, ભક્તિ ભલિ રચનાર હો, ભવિ૦ અષ્ટા૦ ॥ ૪ ॥ પુષ્પક નામ વિમાનમેં બેઠકે, રાવણ મંદોદરી નાર; અષ્ટાપદ તીરથકું ફરસી, કીઓ આતમ

ઉદ્ધાર હો; ભવિ૦ અષ્ટા૦ ॥ ૫ ॥ ગાતમ સ્વામી લબ્ધિ ધામી પ્રભુકા મુખ્ય ગણ-ધાર; આતમ શક્તિ વ્યક્તિ કરકે, ભેટયા તીરથ જયકાર હો; ભવિ૦ અષ્ટા૦ ॥ ૬ ॥ વિક્રમ ઓગણિશ છિઓતેર આસોજ, સુદિ પૂનમ ભલિ ધાર; વિકાનેરમે એ.ચ્છવ મહો-ચ્છવ, દેખત આનંદ અપારહો, ભવિ૦ અષ્ટા૦ ॥ ૭ ॥ શ્રાવક કુલ દીપક મેઘરાજ સુત, ઉદયચંદ્ર મનોહાર, અષ્ટાપદ તીરથ રચનાકર, વર્તાયો જય જયકાર હો; ભવિ૦ અષ્ટા૦ ॥ ૮ ॥ નાગપુરીય વડતપગચ્છધોરી, શ્રીભ્રાતૃચંદ્રસૂરિસાર; એ તીરથકી સ્તવના કરતા, લહો ભવસાગર પારહો; ભવિ૦ અષ્ટા૦ ॥ ૯ ॥

શ્રીકેશરીયાનાથ સ્તવન.

(તેજે તરણીથી વડોરે દોય શિખાનો દિવડોરે-એ દેશીમાં.)

પ્રેમે પ્રણમું પ્રહસમેરે, શામલિયો મુજ મન રમેરે, શ્રી કેશરીયોલાલ; આઠ મહા-

ભય ટાલણોરે, આલણો સિદ્ધિ દયાલ હો જિનજી ॥ ૧ ॥ તુમ સરણે હું આવીયોરે, દરિશન પ્રભુનો પાવીયોરે, ભાવીયો ભાવ સ્વરૂપ; ધુલેવા રિસહેશ્વરરે, આપ છો ભૂ-પના ભૂપ હો જિનજી તુમ૦ ॥ ૨ ॥ તુંમ આગળ પ્રભુ શું કહું રે, જાણુગ જિન માફી ચહું રે, કર્મ કર્યા રે અનંત; નિંદા ગુણિજન દેખકેરે, દ્વેષ ધર્યો મતિમંદ હો જિનજી તુંમ૦ ॥ ૩ ॥ જીવદયા સત્ય નવિ ધર્યું રે, પાપે નિજ આતમ ભર્યું રે, ચોરી મૈથુનધારી; પરિગ્રહ રાત્રી ભોજનેરે, પસ-રતી મતિ ન નિવારી હો જિનજી તુંમ૦ ॥ ૪ ॥ સંયમ ભાવના નવિ રહીરે, આ-શા દાસી મન રહીરે, સેવ્યાં પાપ અઢાર; હેય જ્ઞેય ઉપાદેયનેરે, જાણ્યો નવી તે સા-રહો જિનજી તુંમ૦ ॥ ૫ ॥ કરૂણાનિધિ

કરૂણા કરોરે; ભવોભવની ચિંતા હરોરે, સાંધણાયિક દેવ; ચોસઠ ફાગુણ માસનીરે, વદિ અષ્ટમી કરી સેવ હો જિનજી પુંઅ૦ ॥ ૬ ॥ સુવિહિત કિયાનો ધણીરે, પ્રગટયો જૈનમાં દિનમણીરે, શ્રીપાર્શ્વચંદ્રસૂરીંદ; શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ તારજોરે, ભણે મુનિ સાગરચંદ હો જિનજી પુંઅ૦ ॥ ૭ ॥ ઇતિ.

પર્યુષણાપર્વગર્ભિત શ્રીમહાવીર સ્તવનમ્.

(દશમે દેશાવગાશિકેરે,–એ દેશીમાં.)

પૂરવ પુન્ય સંયોગથીરે, પામી નરભવ સાર; ચલ ચિત્ત થીરતાર્થે કહ્યોરે, આલંબન અધિકાર હો જિનજી ॥ ૧ ॥ આજ આનંદ અતિ ઘણોરે, સંઘ સકલ સોહા-

મણોરે, વંદુ શ્રીવીરજિણંદ, પર્વ પજ્જુ-
સણ સેવતાંરે, અમને પરમાનંદ, હો જિ-
નજી. આજ૦ ॥ ૨ ॥ આષાઢી પૂનમ થકીરે,
પચાસ દિન પર્વરાજ; જગત જંતુ હિત
કારણેરે, ફેરઆવો મહારાજ, હો જિનજી.
આજ૦ ॥ ૩ ॥ ભાદરવા સુદિ પંચમીરે,
વાર્ષિક પર્વ ઉદાર; તિણદિન ચૈત્ય જુહા-
રવારે, આપ પ્રકાશો શ્રીકાર, હો જિનજી.
આજ૦ ॥ ૪ ॥ યોગ્ય ખેત્રના અભાવથી
મુનિ, વૃક્ષ હેઠે કરે ઠાણ; પંચમીદિન ન
ઉલ્લંઘવોરે, આપશ્રીની એ આણ, હો જિ-
નજી. આજ૦ ॥ ૫ ॥ જેમ અરિહંત તેમ
ગણધરૂરે, સેવે સૂરિ ઉવજ્ઝાય; મુનિ સવિ
સંઘને આપનોરે, શાસન છે સુખદાય, હો
જિનજી. આજ૦ ॥ ૬ ॥ શ્રી કલ્પસૂત્રની
વાંચનારે, સુણિયે થઈ સાવધાન; ગુરૂભક્તિ

ચિત્તમાં ધરીરે, આપથીનો ફરમાન, હો જિનજી. આજ૦ ॥ ૭ ॥ અવિચલ શાસન તાહરોરે, વરતે છે જયવંત; ત્રિશલાનંદન વીરજીરે, મહિયલે મહિમાવંત, હો જિનજી આજ૦ ॥ ૮ ॥ શ્રીપર્વ પંચમી પામીનેરે, ઉદયન ખમ્યો રાજન; તેમ ખમિ ભવ્ય ખમાવિયે ઇતિ, આપ કરાવો ભાન, હો જિનજી. આજ૦ ॥ ૯ ॥ તુમ આણા શુદ્ધ ઔષધીરે, સેવંતા સુખકાર; જગગુરૂ સહજ કલાનિધિરે, કર ભવસાગર પાર, હો જિનજી. આજ૦ ॥ ૧૦ ॥

શુદ્ધિ પત્રક.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ.
૧૪	૭	કંચનકરણી	કંચનવરણી
૧૬	૧૪	ચંપાનયની	ચંપાનયરી
૪૦	૧	લલુણા	સલુણા
૪૧	૯	બ્રાહ્મણ	માહણ
૪૩	૧૩	કરૂણાકાર	કરૂણાકર
૪૩	૧૪	અજામે	જામે
૪૬	૧૨	મોડે	ત્રોડે
૪૬	૧૨	પાર	પાસ
૪૬	૧૪	ધ્યાના	ધ્યાતા
૪૭	૩	અરધ્યા	આરાધ્યા
૪૭	૧૪	જનાગ	જૈનાગ
૪૮	૧૧	પાભ્યો	પામ્યો
૪૯	૨	સુખ	મુખે
૪૯	૭	ગાતમ	ગૌતમ
૫૦	૯	લભતે	લભંતે
૫૧	૧૪	સુજ	મુજ
૫૩	૧	ભદ્રેશ્વર	ભદ્રેશ્વર
૫૫	૧૭	તારો	તારો તારો

૫૬	૫	હીવ	હીન
૫૬	૧૨	પીર	વીર
૫૬	૧૬	વિસરાગી	વિસરામી
૫૭	૧	સુગતિ	સુમતિ
૫૭	૧૬	આરધના	આરાધના
૫૮	૩	ભાવિક	ભાવક
૫૮	૧૬	અધકે	અધકે
૬૩	૨	અયો	આયો
૬૫	૧૦	જગદાધાશહો	જગદાધારો હો
૬૭	૫	દયા કરા	દયા કરી
૭૦	૧૫	સધાય	સધાયજો
૭૧	૧	કુશીલ	કુશીલે
૭૧	૪	ગયજો	રાયજો
૭૨	૫	ગમોયો	ગમાયો
૭૩	૩	ઉલ સે	ઉલસે
૭૩	૧૧	રાય	રાયા
૭૩	૧૬	ફુલરાયા	હુલરાયા
૭૫	૬	વામી	ધામી
૭૫	૧૬	ધામી	ધામી
૭૬	૭૬	ભર્યો	ભયો
૭૬	૮	પુરે	રહે

૭૭	૧૫	ત્રિન	ચિન
૭૭	૧૬	આને	આનેશરણે
૭૮	૨	જગભાયાં	જગભાયા
૮૦	૧૪	સરજ્યું	અરજ્યું
૮૦	૧૫	ઘરી	ધરી
૮૧	૫	લાપો	લાધો
૮૧	૬	સાપો	સાધો
૮૧	૬	ગુરૂથી	ગુણથી
૮૧	૭	વાઘો	વાધો
૮૧	૧૨	ધારી	ઘોરી
૮૧	૧૫	સાચે	સાચે
૮૧	૧૫	લાગે	લાગો
૮૧	૧૬	સંવરછરી	સંવચ્છરી
૮૨	૧	શુદ્ધ	શુદ્ધે
૮૨	૨	સંઘે	સંઘ
૮૨	૨	સંગાથે	સંગાતે
૮૯	૧૧	ગતમર	ગતમાર
૯૫	૫	ચિંતામણા	ચિંતામણી
૯૫	૯	વ૦	ભવિ૦

સોળસતીઓનાં નામ.

શાર્દૂલવિક્રીડિત છંદ)

બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી
રાજીમતી દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા
સીતા સુભદ્રા શિવા;
કુંતી શીલવતી નલસ્ય દયિતા
ચૂલા પ્રભાવત્યપિ,
પદ્માવત્યાપ સુંદરી દિનમુખે
કુર્વંતુ વો મંગલં.

ॐ

અગાધ બુદ્ધિ જ્ઞાનનું, અગાધ ધૈર્ય ગાંભીર્ય;
પરં ધર્મની કુશળતા, સાગરને કરે પ્રણામ.
સ્વર્ગસ્થ પ્રભુ

(હરિગીત છંદ)

જ્યાં કરી પ્રભુ રહે, તાપર્વત, ઓ સરસ્વ,
રસમાં રહે વળી વાડુ મંડળો, તપમંદિર આ ચરણમાં;
શીતળ કરી જે તમારું સંપત્તિ આ ચરણમાં,
દોર આપ્યું જન બની એવા થયા આ ચરણમાં.
રાખી ઈશ્વર હું હૈં યાચે મહે મથી,
ત્યારે મુકી નિજ ધામ પ્રભુજી, [illegible] નથી;
ચિંતા બની ચિત્ત ચાહને, [illegible] ગ્રહી મહી,
[illegible] અહેવાં હાથ રહ્યા, [illegible] છે નહી.

સ્વર્ગસ્થ ઈશ્વર જોઈને તેનું નિર્ગત નહીં
[illegible] પામેલી 'શ્રી' એવી ઉપાદ [illegible],
ગાયેલી પ્રેમ [illegible] પણ [illegible] નથી
એમ વિચારીએ.

શ્રીમાન [illegible] [illegible]
સર્વને [illegible] [illegible]
ચરણ [illegible] કરું છું.

સેવક [illegible] [illegible] વિનંતી.

[illegible]

[illegible]